Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

જેમની સાતમી પુણ્યતિથિ પોષ શુદિ ૧૧ ના રોજ ઉજવવામાં આવી હતી.



સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજી

જેમની સાતમી પુણ્યતિથિ પોષ શુદિ ૧૧ ના રોજ ઉજવવામાં આવી હતી.

## પોષ—મહા

પુસ્તક ૬૮ મું ] પ્રગટકર્તા— [ અંક ૩-૪
ઇ. સ. ૧૯૫૨ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ૨૫ મી જાન્યુઆરી
વીર સં. ૨૪૭૮ ભાવનગર વિ. સં. ૨૦૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું અંક ૩-૪ } પોષ-મહા { વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


१ वंदना ... ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૫૧
૨ શ્રી આનંદઘનજીકૃત સજ્ઝાય ... ( સંપા. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) ૫૨
૩ શ્રી સિદ્ધાચળ તીર્થનું સ્તવન ... ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૫૩
૪ अयोगव्यवच्छेदद्वात्रिंशिका-પદ્યાનુવાદ-ભાવાર્થ ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ ) ૫૪
૫ જિન ગુણ ગાવોને ... ... ... ( પન્નાલાલ જ. મસાલીયા ) ૫૬
૬ ધ્યાનની મૌલિકતા ... ...( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૫૭
૭ મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિની જીવનરેખા : : ૨ ( પ્રો હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૬૧
૮ વિચારકર્ણિકા ... ... ... ...( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) ૬૫
૯ શું એ હાર ઢોડલો ગળી ગયો ? (સતી દમયંતીનો જીવનપ્રસંગ : ૭) (શ્રી મગનલાલ મોતીચંદ શાહ સાહિત્યપ્રેમી ) ૬૬
૧૦ સ્વાતિ-બિન્દુ : ૨ ... ... ( શ્રી મોહનલાલ દીપચદ ચોકસી ) ૭૧
૧૧ પ્રભુસેવાની પ્રથમ-ભૂમિકા ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૭૬
૧૨ जैन योगीराज आनंदघनजी के दो महत्त्वपूर्ण उल्लेख । (શ્રી અગરચન્દ નાહટા ) ૮૦


## પૂજા ભણાવવામાં આવી

સ્વર્ગસ્થ શ્રી **કુંવરજીભાઇ આણંદજી**ના સાતમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને સોમવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા** ભણાવવામાં આવી હતી.


## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઇની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું. અંક ૩-૪ | : પોષ-મહા : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## वंदना ।

राजमल भण्डारी-आगर

निराकार है याकि साकार है ।
गुणागार या निर्गुणागार है ॥
निराधार का जो कि आधार है ।
उसे ही हमारा नमस्कार है ॥ १ ॥

सभी ज्ञान का जो कि आगार है ।
दया का बड़ा जो कि भण्डार है ॥
मिटाता सदा जो अंधकार है ।
उसे ही हमारा नमस्कार है ॥ २ ॥

सुसौन्दर्य जो पुष्प का सत्त्व है ।
सुआनंद जो प्रेम का तत्त्व है ॥
कि जिसका यही सत्य आकार है ।
उसे ही हमारा नमस्कार है ॥ ३ ॥

बड़ा तुच्छ को जो, बनाता सदा ।
दया दीन पर जो दीखाता सदा ॥
कि जीसकी कृपा का नहीं पार है ।
उसे बार सो-सो नमस्कार है ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી આનંદઘનજીકૃત.

## સજઝાય

હું તો પ્રણમું સદ્‌ગુરુરાયા રે, માતા સરસ્વતીના વંદું પાયા રે;
હું તો ધ્યાવું આતમરાયા, જીવણજી બારણે મત જાજો રે.
તમે ઘર બેઠા કમાવો ચેતનજી, બારણે ॥ ૧ ॥
તારે બારણે દુરમતી રાણી રે, કહેતા શું કુમતિ કવાણી રે;
તમને ભોળવી બાંધશે તાણી, જીવણજી બારણે મત જાજો રે ॥ ૨ ॥
તારા ઘરમાં પેઠા ધુતારા રે, તેને કાઢોને પ્રીતમ પ્યારા રે;
તમે તેહથી રહોને ન્યારા, ... ... ... ॥ ૩ ॥
તારા ઘરમાં છે ત્રણ રત્ન રે, તમે તેહના કરો જતન રે;
એ તો અખૂટ ખજાનો છે ધન ... ... ॥ ૪ ॥
સતાવનને કાઢો ઘરમાંહેથી રે, ત્રેવીશને [1]કો જાએ અઇથી[2] રે;
પછે અનુભવ જાગશે માંહેથી રે, ... ... ॥ ૫ ॥
સોલને દોને શિખરે, અઢારને મંગાવો ભીખરે;
પછી આઠ કર્મની શી બીક રે ? ... ... ॥ ૬ ॥
ચારને કરે ચકચૂર રે, પાંચથી થાઓ હજૂર રે;
જીમ પામો આણંદ ભરપૂર રે, ... ... ॥ ૭ ॥
વિવેક દીવો કરી અજુવાલો રે, મિથ્યાત્વ અંધકારને ટાલો રે;
પછી અનુભવ સાથે [3]માલો, ... ... ... ॥ ૮ ॥
સમતા સાહેલી શું ખેલો રે, દુરમતિનો છેડો મેલો રે;
જીમ પામો મુક્તિ ગઢહેલો ... ... ॥ ૯ ॥
મમતાને કાંઈ નમારો રે, જીવન જીતી બાજી કાંઇ હારો રે;
જીમ પામો ભવનો પારો રે ... ... ॥ ૧૦ ॥
શુદ્ધ દેવગુરુપસાયે રે, મારો જીવ તે આવે ઠાએ રે;
પછી નિત્ય **આનંદઘન** સુખ થાય રે...॥ ૧૧॥*

સંપા૦—**મુનિશ્રી વિદ્યાનંદવિજયજી**

---

*આ સજઝાય પ્રાચીન પાના પરથી લખવામાં આવી છે.
૧. કહો. ૨. અહીંથી. ૩. આનંદો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધાચળ તીર્થનું સ્તવન.

[ મનના મનોરથ સવિ ફળ્યાએ—એ દેશી. ]

ધન્ય ધન્ય આજ સફળ થયો એ, માનવજન્મ ઉદાર, ભેટી ગિરિરાજને એ;
જનમ જનમ હું ઉદ્ધર્યો એ, વરવા શિવપદ સાર, ભેટયો ગિરિરાજને એ. ૧
એ ગિરિ જગમાં શાશ્વતો એ, પ્રાયઃ શબ્દે વાચ્ય, કહ્યો જિનશાસને એ;
તે હું ભેટયો ભવી હુઓ એ, નિશ્ચય મનશું કીધ, આતમ નિર્મળ થયો એ. ૨
મુનિવર ક્રોડ અનંત ઇહાં એ, સિધ્યાં સાદિ અનંત, રમે શુદ્ધ સ્વરૂપમાં એ;
મુકિતરમા રમણી ભલી એ, વરવા મંડપ એહ, ભજો ગિરિરાજને એ. ૩
પૂર્વ નવ્વાણું સમોસર્યા એ, આદીશ્વર અરિહંત, રાયણ રૂડી જાણીએ એ;
પુંડરીક ગણધર સિદ્ધ હુઆ એ, પાંચ ક્રોડ મુનિ સાથ, નમો પુંડરીકગિરિ એ. ૪
ઋષભદેવ વંશ રાજવી એ, સિધ્યાં અસંખ્ય પ્રમાણ, કહે સિદ્ધદંડિકા એ;
દ્રાવિડ ને વારિખિલ્લજી એ, દશ ક્રોડ અણુગાર, આતમ ઉજવળ કીધા એ ૫
લખ એક મુનિ આદિત્યયશા એ, સોમયશા તેર ક્રોડ, સહજાનંદ પદ વરે એ;
નમિ વિનમિ બે ક્રોડશું એ, સાગર મુનિ એક ક્રોડ, આનંદઘન પદ લહ્યાં એ. ૬
ભરત મુનિ પાંચ ક્રોડશું એ, અજિતસેન સત્તર ક્રોડ, ચિદાનંદ પદ વર્યા એ;
શ્રી સાર મુનિ એક ક્રોડશું એ, રામ ભરત ત્રણ ક્રોડ, ગયા શિવમહેલમાં એ. ૭
પાંચે પાંડવ સિદ્ધ હુઆ એ, વીશ ક્રોડ મુનિ સાથ, પરમપદ પામિયા એ;
ક્રોડ સાડી આઠ શિવ લહ્યા એ, શાંબ પ્રદ્યુમ્ન કુમાર, જગત જશ નિર્મળો એ. ૮
કદંબ ગણધર ગયા મોક્ષમાં એ, એક ક્રોડ મુનિ સાથ, કદંબગિરિ ભેટીએ એ;
લાખ એકાણું મુનિ લહી એ, નારદજી કરે મોક્ષ, મુકિતવધૂ પ્યારથી એ. ૯
એમ અનેક ઇહાં સિદ્ધ હુઆ એ, સિદ્ધાચળ શુભ ઠામ, નમો ભવી ભાવશું એ;
યાદવવંશવિભૂષણ એ, તે વિણ જિન ત્રેવીશ, આવ્યા શુભ ભાવથી એ. ૧૦
દૂરભવી અભવી ન નિરખતા એ, ઉત્તમ એ ગિરિરાજ, કહે સૂરિ જ્ઞાનથી એ;
જન્મ સફળ થયો માહરો એ, નિરખ્યો નયણે આજ, વિમલગિરિ ભાવથી એ. ૧૧
સંપ્રતિ કાળે વિચરતા એ, સીમંધર જગદીશ, કહે ભવી સાંભળો એ;
એ સમ તીર્થ ન જાણીએ એ, બીજા તીર્થ અનેક, પૂજો ગિરિરાજને એ. ૧૨
ગુરુ ગીતારથ ગમ લહી એ, વિધિએ યાત્રા કીધ, કલિમળ દૂર થયો એ;
તારક સાધુમાં શોભતા એ, પૂર્ણશશી ગુરુ પ્રેમ, શ્રી રુચકવિજય કહે એ. ૧૩

મુનિરાજ શ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यनिर्मिता—

# अयोगव्यवच्छेदद्वात्रिंशिका ।

[ પદ્યાનુવાદ–સભાવાર્થ ]

અનુવાદક—પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૧૧ થી શરૂ )

**शरण्य ! पुण्ये तव शासनेऽपि, संदेग्धि यो विप्रतिपद्यते वा ।**
**स्वादौ स तथ्ये स्वहिते च पथ्ये, संदेग्धि वा विप्रतिपद्यते वा ॥ ९ ॥**

તારા પવિત્ર મતમાં ધરી સંશયે ને,
સંકલ્પ ને વળી વિકલ્પ કરે ઘણાં જે;
સ્વાદિષ્ટ મિષ્ટ હિતદાયક પથ્ય પામી,
સંદેહ ને ભ્રમથી દૂર કરે *મહામી ॥ ૯ ॥

હે શરણ્ય ! પવિત્ર આપના શાસનમાં પણ જે શંકા કરે છે કે વિપરીત મતિ ધારણ કરે છે તે સ્વાદિષ્ટ સુન્દર હિતકારી પથ્યમાં શંકિત બને છે ને ઊંધી બુદ્ધિ ધરે છે. ૯.

**हिंसाद्यसत्कर्मपथोपदेशा–दसर्वविन्मूलतया प्रवृत्तेः ।**
**नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥ १० ॥**

હિંસાદિ દુષ્ટ પથનો ઉપદેશ જેમાં,
અજ્ઞાની મૂર્ખ જન શાસક જે મતોનાં;
જેને કુબુદ્ધિ વળી નીચ નરે સ્વીકાર્યાં,
તે આગમો પરતણાં અપ્રમાણ ધાર્યાં. ॥ ૧૦ ॥

હિંસા વગેરે અસત્ કર્મના માર્ગનો ઉપદેશ કરતા હોવાથી–અસર્વજ્ઞે રચેલા હોવાથી ઘાતકી અને દુષ્ટબુદ્ધિવાળા જનોએ સ્વીકારેલા હોવાથી આપનાથી બીજાના આગમોને અમે અપ્રમાણ કહીએ છીએ. ૧૦.

**हितोपदेशात् सकलज्ञक्लृप्ते–र्मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।**
**पूर्वापरार्थेष्वविरोधसिद्धे–स्त्वदागमा एव सतां प्रमाणम् ॥ ११ ॥**

સર્વજ્ઞભાષિત અને હિતને બતાવે,
જેના મુમુક્ષુ મુનિ સજ્જન ગુણ ગાવે;

* મહા–આમી–મોટો રોગી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં ન પૂર્વાપર લેશ વિરોધ ભાસે,
તારા પ્રમાણ પ્રભુ આગમ સત્ પ્રકાશે ॥ ૧૧ ॥

હિતમાર્ગનો ઉપદેશ કરતા હોવાથી, સર્વજ્ઞપ્રણીત હોવાથી, મોક્ષની ઇચ્છાવાળા સજ્જન અને સાધુઓએ સ્વીકારેલા હોવાથી, આગળ-પાછળ વિરોધ વગરના હોવાથી સત્પુરુષોને આપના આગમો જ પ્રમાણ છે. ૧૧.

**क्षिप्येत वाऽन्यैः सदृशी क्रियेत वा, तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः ।**
**इदं यथावस्थितवस्तु देशनं, परैः कथङ्कारमपाकरिष्यते ? ॥ १२ ॥**

દેવેન્દ્રનું તુમ-પદે નમવું બીજાઓ,
ઉડાડી દો સમપણે અથવા ગણાવો;
આ વાસ્તવિક ઉપદેશ કર્યો તમોએ,
તેને બીજા કઇ રીતે અપલાપ દેશે ? ॥ ૧૨ ॥

આપના ચરણપીઠમાં ઇન્દ્ર મહારાજ આળોટે છે એ વાતને બીજાઓ ખોટી કહે અથવા ( અમારે ત્યાં પણ એવું બને છે તેમ કહીને ) સરખામણીમાં મૂકે પણ આ યથાવસ્થિત-જે જેવું છે તે તેવું જ-વસ્તુનું સ્વરૂપદર્શન બીજાઓ કેવી રીતે ઓળવશે ? ૧૨.

**तद्दुःषमाकालखलायितं वा, पचेलिमं कर्म भवानुकूलम् ।**
**उपेक्षते यत्तव शासनार्थ-मयं जनो विप्रतिपद्यते वा ॥ १३ ॥**

લુચ્ચાઇ તે વિષમકાળની છે નહિં તો,
પાકેલ કર્મ ભવને અનુકૂળ એ તો;
જે કાજ નાથ તુજ શાસન-અર્થ દેખે,
ઊંધા કરે જડજનો અથવા ઉવેખે. ॥ ૧૩ ॥

આ આત્મા આપના શાસનના પદાર્થોની ઉપેક્ષા કરે છે અથવા ઊંધી સમજ ધારણ કરે છે તે પાંચમા આરાના કાળની દુષ્ટતા છે અથવા સંસારને અનુરૂપ પુષ્ટ કર્મ ઉદયમાં છે. ૧૩.

**परः सहस्राः शरदस्तपांसि, युगान्तरं योगमुपासतां वा ।**
**तथापि ते मार्गमनापतन्तो, न मोक्ष्यमाणा अपि यान्ति मोक्षम् ॥ १४ ॥**

મોટા ભલે તપ તપે વરસો હજારો,
સાધે ભલે જુગ-જુગે હઠયોગ સારો;
પામ્યા ન જે તુજ સુમાર્ગ પ્રભો ! હજીએ,
મુકાવતાં પણ ન મુક્ત બને કદીએ. ॥ ૧૪ ॥

હજારો વર્ષ તપ તપો કે યુગના યુગ સુધી યોગ સાધો તો પણ તમારા માર્ગમાં આવ્યા વગર મોક્ષ માટે યત્ન કરનારા પણ મોક્ષમાં જતા નથી. ૧૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनाप्तजाड्यादिविनिर्मितित्व-सम्भावना सम्भवि विप्रलम्भाः ।
परोपदेशा परमाप्तक्लृप्त-पथोपदेशे किमु संरभन्ते ? ॥ १५ ॥

રાગાદિ દોષ યુત માનસથી રચેલા,
જે અન્યશાસ્ત્ર જડતા પ્રમુખે ભરેલા;
તેમાં વિરુદ્ધ ઘટના ઘટતી નથી શું ?,
એ આપ્ત ! તેં ઉપદિશેલ મતે ઘટે શું ? ॥ ૧૫ ॥

અનાપ્ત-જાડ્ય વગેરે પૂર્વકની રચનાની સંભાવનાથી સંભવતા વિપ્રલંભવાળા પરના ઉપદેશો છે. તે વિપ્રલંભો પરમ-આપ્તરચિત સત્પથના ઉપદેશમાં શું આવવાનું સાહસ કરે ? ન જ કરે. ૧૫.

यदार्जवादुक्तमयुक्तमन्यै-स्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभू-दहो ! अधृष्या तव शासनश्रीः ॥ १६ ॥

અન્યોતણા કુગુરુ જે ઋજુતાથી થાપે,
તેના જ શિષ્ય ઊલટું કહી તે ઉથાપે;
એવો ન વિપ્લવ થયો તુમ-રાજ્યમાંહી,
સ્વામિન્ ! અભેદ્ય દૃઢ રાજ્ય-રમા તમારી. ॥ ૧૬ ॥

બીજાઓએ સરલતાથી જે અયુક્ત કહ્યું તે જ તેના શિષ્યોએ ફેરવી નાખ્યું. આપના શાસનમાં આવો વિપ્લવ-વિનાશ નથી થયો. ખરેખર આપની શાસનશ્રી અધૃષ્ય છે. ૧૬.

( ચાલુ )

## ગુણ ગાવોને રે.

ઝીણી ઝીણી કોરણી ને નીલ રતનની ભાતઃ જિનમંદિરે આવોને રે.
ઊંચા શિખર આપનાં, જે ચિંધે મુક્તિ-વાટ: જિનજી ગુણ ગાવોને રે.
રતન દીવડા ઝગમગે ને હઇડું થનગન થાયઃ જિનમંદિરે આવોને રે.
અંતર મારું ઘૂમે આનંદેઃ મુખડું મલકી જાય: જિનજી ગુણ ગાવોને રે.
કોટિ કોટિ રૂપ પ્રકાશે, ગુણ પ્રભુના ગૂંજેઃ જિનમંદિરે આવોને રે.
ડગમગ નૈયાં ડોલે ત્યારે નાવિક મ્હારો તું છેઃ જિનજી ગુણ ગાવોને રે.

—શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાનની મૌલિકતા

( લેખકઃ—" સાહિત્યચંદ્ર " બાલચંદ હીરાચંદ–માલેગામ )

જીવ માત્રનું ધ્યેય દુઃખમુક્તિ છે, અનિષ્ટ સંયોગથી જીવ કંટાળેલો હોય છે. એ અનિષ્ટો માત્ર પોતાના જ સરજેલા હોય છે એ માત્ર એ ભૂલી જાય છે. માનવેતર જીવો દુઃખ ટાળવાનો પ્રયત્ન કરે છે ખરા પણ એ તદ્દન તુચ્છ અને શુષ્ક હોય છે. માનવને અનેક પ્રકારનું જ્ઞાન હોય છે, અને તેનો ઉપયોગ કરવાનો પ્રયત્ન પણ કરે છે. અનેક યુક્તિઓ એ રચી શકે છે. અને એ રીતે ઇષ્ટ સંયોગ મેળવવાનો અને અનિષ્ટ સંયોગ ટાળવાનો સતત પ્રયત્ન કરે છે. પણ જ્ઞાન સાથે જવાબદારી પણ વધે છે અને એ જવાબદારીને નહીં ઓળખતા એ જ્ઞાનનો ઉપયોગ કર્યે જાય છે તેને લીધે એના ફરી અનેક કર્મો થયા જ કરે છે. અને જાળમાંથી છૂટા થવાને બદલે જાળના અનેક નવા ગુંચળાઓ એ નિર્માણ કરે છે. કોઇના હાથમાં શસ્ત્ર આપીએ અને તેનો ઉપયોગ કેમ કરવો એનું એને જ્ઞાન ન હોય ત્યારે તે ગમે તેવા નિર્દોષને પણ આઘાત કરે અગર પ્રસંગવશાત્ પોતાને જ આઘાત કરી બેસે, એવો એ પ્રકાર છે. જ્ઞાનનો પણ ઉપયોગ કરતા આવડવો જોઇએ. જ્ઞાનથી પ્રામાણિક માર્ગે દ્રવ્યોપાર્જન કરી શકાય તેમ કુશલતાથી ચોરી પણ કરી શકાય! ત્યારે એકલું શુષ્ક જ્ઞાન પણ નિરુપયોગી જ નહીં પણ ઘાતક પણ નિવડે છે. એટલા માટે જ જ્ઞાન સાથે વિરતિની મૌલિકતા સમજવાની જરૂર છે. જ્ઞાન તો વિપરીત પ્રકારનું પણ થઇ જાય ત્યારે તે જ્ઞાન નહીં પણ અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન કહેવાય છે. ત્યારે કર્મથી નિવૃત્તિ મેળવી ઇષ્ટસંયોગ અને અનિષ્ટવિયોગ મેળવવા માટે મનુષ્યે કેવા પ્રયત્નો કરવા જોઇએ એનો આપણે વિચાર કરવો જોઇએ.

યોગ સાધના એ એક એમાંનો સરળ અને સાચો માર્ગ છે. યોગ શબ્દ ઉચ્ચારતાની સાથે ઘણાઓ ભડકી ઉઠે છે. યોગ એ તો કોઇ જંગલમાં વસનારા જટાજૂટધારી બાવાનું કામ છે એવું તેઓ માની લે છે. યોગીઓ જનતાથી દૂર જ વસે છે અર્થાત્ યોગીઓ અને યોગ સાથે આપણે જાણે કાંઇપણ લેવાદેવા ન હોય એવી જ ભાવના ઘણાઓ રાખે છે. કેટલેક અંશે એ વાતમાં સત્ય નથી જ એમ નથી. અમુક કોટીના યોગીઓ જનતા સાથે ઓછો સંપર્ક રાખે છે. પોતાની સાધનામાં તેઓ મસ્ત રહી આનંદનો અનુભવ કરે છે અને વાત પણ સાચી જ છે. જેઓ જનતાની ખટપટમાં કે મતમતાંતરના ઝગડામાં પડી અભિનિવેશથી ઝગડાઓમાં ઇંધન મૂકયે જ જાય છે, એઓ યોગથી દૂર જ રહે છે એમાં જરાએ શંકા નથી. આત્મલક્ષી થઇ આત્મા સાથે જોડાવું એવી યોગની વ્યાખ્યા ઘણાઓ કરે છે. તેમજ પોતા ઉપર આવી પડતા કર્તવ્ય બજાવતી વખતે જે કુશલતા વાપરવી એને યોગ કહેવો એવી વ્યાખ્યા કેટલાએકો કરે છે. જગતમાં દરેક જાતના વ્યવહારમાં આમ કરાય કે તેમ કરાય? કેમ કરતા દોષ કે પાપથી બચી શકાશે? વિગેરે દ્વંદ્વો આવી પડે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેમાંથી નિર્દોષ રીતે બચવા માટે જે કાર્યની કુશલતા વાપરવામાં આવે છે તેને પણ યોગનું નામ આપવામાં આવે છે. પણ એ બધું સાધવા માટે આપણે આત્માની સાથે સંપર્ક સાધવાની ખાસ આવશ્યકતા છે. એ શી રીતે બને એને માટે કોઈ સરળ એવો રાજમાર્ગ છે શું ? સામાન્ય માણસથી યોગસાધના થઈ શકે કે કેમ એનો પણ આપણે વિચાર કરવો જોઈએ.

જૈન ધર્મ તેમજ જૈન ધર્મના અનુષ્ઠાનો વાસ્તવિક રીતે યોગપ્રધાન છે. સામાન્ય વ્યવહારુ માણસને પણ યોગમાર્ગના પ્રાથમિક પાઠો જૈન ધર્મે આપવાનું ફરમાવ્યું છે. મતલબ કે જૈન ધર્મ એ યોગપ્રધાન ધર્મ છે. સામાયક કે પ્રતિક્રમણ એ યોગાનુષ્ઠાન જ છે ! કરેમિ ભંતે એ સામાયકની પ્રતિજ્ઞા છે તેટલા વખત માટે બધા સાવદ્ય વ્યાપાર છોડવા પડે છે. ધ્યાન ધરી જાપ કરવા માટે એ સમય અત્યંત અનુકૂલ ગણવામાં આવે છે. જૈનો મોટે ભાગે વ્યાપારી કોમ હોય છે અને દરેક વસ્તુ તરફ હિસાબી પદ્ધતિથી જોવાની તેને ટેવ પડી ગએલી હોવાને લીધે તેઓ સામાયક કે જાપની પણ ગણત્રી કરી હિસાબ જોડતા રહે છે. અને આવી ગણત્રી કરવાની ટેવને લીધે ધ્યાનને અભરાઈએ ચઢાવીને પણ ગણત્રી જ કરતા હોય છે. એવી ગણત્રી કયાં સુધી કરાય છે તેનો મનોરંજન દાખલો બુદ્ધ ધર્મના અનુષ્ઠાનોમાં જોવામાં આવે છે. વધારે જાપમાં વધારે પુણ્ય હોવાની એક રીત શોધી કાઢવામાં આવી છે કે જેથી વધુમાં વધુ જાપ કરવાનું પુણ્ય જોડી શકાય. એક મોટું ચક્ર કરવામાં આવે છે, તેની આસપાસ આપણે જે જાપ કરવાનો હોય તે વધુમાં વધુ સંખ્યામાં લખેલ કાગળ કે કાપડ વિંટાળવામાં આવે. અને ચાક ફેરવવાના હાથાવડે એ ચક્ર ફરતું રાખવામાં આવે. જેટલા ફેરા કરવામાં અ વે તેટલી મોટી સંખ્યા માં જાપ થયા એમ ગણી એ સંખ્યા નોંધી લેવામાં આવે છે. એ ગણિતની દૃષ્ટિથી જાપની સંખ્યા નક્કી કરી એટલું પુણ્ય ગાંઠમાં બાંધી લીધું એવું સમાધાન માને છે. એ બધી પદ્ધતિમાં અને ગણના તેમજ માન્યતામાં કેવળ જડ દૃષ્ટિ કામ કરે છે. જડ દૃષ્ટિથી કરેલ કાર્યનું પરિણામ અને ફળ શું આવે ? તેમાં તો પરિશ્રમ વ્યર્થ જઈ જડતામાં જ પરિણમે એ દેખીતી વાત છે. આત્મા સાથે સંપર્ક સાધ્યા વિના, મનની એકાગ્રતા સાધ્યા વગર કરેલી બધી ક્રિયા જડત્વજ પેદા કરે એ સ્પષ્ટ છે. આપણે સામાયક કરતા હોઈએ અગર નવકાર મંત્રનો જાપ કરતા હોઈએ કે અમુક લોગસ્સનો કાઉસગ્ગ કરતા હોઈએ ત્યારે આપણી દૃષ્ટિ કેવળ ગણત્રી તરફ જ હોય, વેપારી દૃષ્ટિથી આપણે જમેનો જ હિસાબ મેળવતા હોઈએ ત્યાં સુધી એ બધી ક્રિયા જાગૃત ક્રિયાના રૂપમાં શી રીતે પરિણમે ? કોઈ એમ શંકા કરે કે–ત્યારે અમો કાંઈ પણ ધર્મની ક્રિયાઓ કાંઈ જ નહીં કરીએ ? અમારો કહેવાનો આશય એ નથી. મુખ્ય વસ્તુ એ છે કે–આપણું જે સાધ્ય થવું જોઈએ તેની ઈચ્છા તરફ જ દુર્લક્ષ કરવામાં આવે છે. ગઈ કાલે મેં જે જાપ કર્યો તેમાં રહેલી વૃત્તિથી આજે એકાગ્રતા કેટલી વધી ? એકાગ્રતામાં થોડી પ્રગતિ સધાઈ રહી કે કેમ ? એનો વારંવાર વિચાર કરવો જોઈએ. અને ઘણા દિવસના અનુભવ પછી પણ આપણે મનની એકાગ્રતા મેળવી નહીં હોય તો આપણી ક્રિયામાં મોટી ખામી છે એ જાણી કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવી પાસેથી તેનો ઉકેલ મેળવી લેવો જોઇએ. અને જાગ્યા ત્યાંથી સવાર ગણી નવો સુધારો દાખલ કરવો જોઇએ. એમ જ્યાં સુધી આપણે નથી કરતા ત્યાં સુધી આપણી ક્રિયા અત્યંત અલ્પ ફલ આપનારી જ રહેવાની.

નવકાર મંત્ર એ જૈનોને બાલ્યાવસ્થાથી જ ભણાવવામાં આવે છે. બીજું કાંઇ જાણતો ન હોય છતાં નવકાર મંત્ર તો બધાએ જૈનો જાણે જ છે. નવકાર મંત્ર એ બધા શાસ્ત્રોનો સારભૂત મંત્ર છે અને એનો અમુક સંખ્યામાં જાપ થાય તો નર્કગમન ટળી જાય છે. તેમજ મનોવાંછિત ફળો પ્રાપ્ત થાય છે એવી માન્યતાઓ તો ઘણાખરા લોકો ધરાવે પણ છે. પણ એનો પરમાર્થ કેટલા જાણે છે? નવકાર મંત્રના શબ્દોના ઉચ્ચારથી શુદ્ધ અને વિસ્તૃત વાતાવરણ પેદા કરી શકાય છે. શબ્દના આંદોલનોથી વેગવાન વર્તુલો પેદા કરી શકાય છે. અને તે તરંગો દૂર અને સુદૂર સુધી પહોંચી જાય છે. અને કોઇ ને કોઇ કાર્ય તો સાધે છે જ. પણ તે શબ્દોચ્ચાર સાથે ઉચ્ચારકના વિસંવાદી અને વિકૃત વિચારો અને મલિન વૃત્તિઓ સંમિશ્રિત થઇ ગએલ હોવાથી તેનું પરિણામ પણ વિકૃત જ આવે એમાં આશ્ચર્ય નથી. એ ઉપરથી મંત્રોચ્ચાર કરનારની જવાબદારી કેટલી વધી જાય છે એ સ્પષ્ટ દેખાય છે. એટલા માટે જ મંત્રનો જાપ કરવાની જગ્યા એકાંત અને ધાર્મિક વાતાવરણથી નિર્મળ થએલી શોધવી પડે છે. તેની સાથે જ શરીરશુદ્ધિની પણ કાળજી લેવામાં આવે છે. તેમજ મંત્રના જાપ પ્રસંગે કોઇ ત્યાં આવી ન ચઢે તેની કાળજી પહેલાથી જ રાખવામાં આવે છે. બહારનો કોલાહલ કે શબ્દોચ્ચાર કાને નહીં અથડાય તેની પણ કાળજી રાખવાની હોય છે. મતલબ કે-સ્થૂલદૃષ્ટિથી એકાંતની અનુકૂલતા મેળવી લેવામાં આવે છે ત્યારે જ જાપમાં શુદ્ધતા આવવાનો સંભવ ઉત્પન્ન થાય છે. બધી કાળજી રાખવાનો હેતુ જાપમાં વિસંવાદી આંદોલનો મળી ન જાય અને જાપ એકતાનતાથી સધાય એ હોય છે. એ તો થઇ બાહ્ય અને જડ પરિસ્થિતિ અને વાતાવરણની શુદ્ધિ પણ મુખ્યપણે તો મનઃશુદ્ધિ જ સાધવાની હોય છે. એ શી રીતે બને! એ બને નહીં ત્યાં સુધી બાકીની ખટપટ બધી ગૌણ કહેવાય. એટલું જ નહીં પણ આટલી શુદ્ધિ સાધવાનો મુખ્ય હેતુ મનઃશુદ્ધિની સાધના કરવાનો જ હોય છે. મનને જે ઐહિક સુખ-લોલુપતા વળગેલી છે અને તે મેળવવાના અનેક સાધનો તરફ તેની વૃત્તિ એકાત્મરૂપે થઇ ગએલી હોય છે તેનું વલણ ફેરવવાનો જ એમાં હેતુ હોય છે. એ વલણ ફેરવવામાં અને આત્મસન્મુખ મનનું વલણ જોડી દેવામાં આપણે કેટલી સફળતા મેળવી છે એ જોવી જોઇએ. અમુક લાખ જાપ થવાથી અમુક ફળ મળવું જ જોઇએ એવો વેપારી હિસાબ આ જાપ સાથે અસંગત છે. મનનું વલણ આખું ફરી જઇ મનનો સ્વભાવ બદલી જ જવો જોઇએ. કોઇ પૂછે કે-તમે જાપ શા માટે કરો છો? ત્યારે તેના જવાબમાં આપણા મુખમાંથી નીકળી જ જવું જોઇએ કે-'એ મારો સ્વભાવ જ બની ગયો છે. મારાથી તે વિના રહેવાતું જ નથી. અરે! જાપ મારા તન અને મન સાથે વણાઇ જ ગએલો છે. હું જાપને આધીન છું.' એવા જવાબ આપણા મુખમાંથી તેના સાચા રૂપમાં નીકળવો જોઇએ. આપણામાં એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબની શક્તિ આવી છે શું ? એનો આપણા મન સાથે વિચાર કરવો જોઈએ. એકાદ વ્યસની માણસ હોય એને આપણે પૂછીએ કે-ભાઈ, અમુક વ્યસનપૂર્તિની જગ્યા ઉપર તું નિયમિત રીતે કેમ જાય છે? ત્યારે તે જવાબ આપશે કે-વખત થયો એટલે મને સ્વયં સ્ફૂર્તિ થાય છે અને પગ તે સ્થાને મને લઇ જવા માટે જાણે પ્રયત્ન જ કરતા હોય છે. મને રહેવાતું જ નથી. એ કાર્યમાં હું પરાધીનપણે વર્તું છું. મારો એના ઉપર કાબૂ નથી. મારો એ સ્વભાવ જ થઇ ગયો છે. જાપ કરનારની પણ કાંઇક એવી જ સ્થિતિ થવી જોઇએ. જાપ એ એનો સ્વભાવ જ બની જવો જોઇએ. જાપ કરતી વખતે બહાર તોપનો ધડાકો થાય તો પણ તેના કાને આવવો નહીં જોઇએ. એની બધી ઇંદ્રિયો જાપને તાબે થઇ ગએલી હોવી જોઇએ. એવી સ્થિતિમાં જાપ થાય તો તેની સંખ્યા ભલે ઓછી હોય પણ તે આત્મોન્નતિમાં કાર્યસાધક થાય છે. એવા જાપની સંખ્યા ભલે ઓછી હોય તો પણ એ જ સાચો જાપ ગણાય. બાકીનો વિસંગત જાપ એ શરીરે કરેલો જાપ ગણાશે. મન સુધી પહોંચેલ જાપ જ આત્માને કાંઇક ગુણ કરે. કર્મનો બંધ અગર નાશ મન જ કરી શકે, માટે જાપમાં મન ઓતપ્રોત રહેવું જોઇએ. એટલા માટે જ જાપ ઉચ્ચારપૂર્વક કરવાનો હોતો નથી. કાઉસગ્ગની પ્રતિજ્ઞા જે 'અન્નત્થ' સૂત્રમાં વર્ણવી છે તેની મૌલિકતા સમજવી જોઇએ. ધ્યાનમાં શારીરિક બધી જ હીલચાલ બંધ કરી દેવાની હોય છે. કેવળ સ્વાભાવિક હીલચાલ કે જે અનિવાર્ય હોય છે તેટલી જ હીલચાલોની છૂટ આપવામાં આપેલી હોય છે. જ્યારે ઉચ્ચાર વગરનો જાપ કરવાનો હોય છે ત્યારે શરીરના વ્યાપાર તદ્દન બંધ જ કરી દેવામાં આવે ત્યારે મનનો વ્યાપાર શરૂ થાય છે. શરીર કરતા મનની આંદોલન શક્તિ અતિ વિશાલ હોય છે અને મનના આંદોલનો ઘણા મોટા ક્ષેત્ર ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે છે. અર્થાત્ જાપના શબ્દો પરમ શુદ્ધ અને આરોહ અવરોહ-પૂર્વક ગુરુ લઘુની સંપદાપૂર્વક થવા જોઇએ. તેમાં જેટલી ભૂલ થાય તેટલી તેની મૌલિકતામાં ઊણપ જ રહેવાની, માટે મંત્રની સંકલના અને તેના સાચા ઉચ્ચારો તજ્જ્ઞ ગુરુજનો પાસેથી મેળવી લેવાની ઘણી જરૂર હોય છે. આવો જ્ઞાનપૂર્વક કરેલો સાચા મંત્રોચ્ચારોનો જાપ ધ્યાનની મૌલિકતા સિદ્ધ કરી આપે છે. દરેક મુમુક્ષુએ કોઇ પણ અનુષ્ઠાન હો તે શુદ્ધ અને સંપૂર્ણ રીતે મન સાથે કરવું જોઇએ. અંતઃકરણ પરોવ્યા વિના ફક્ત શરીરથી કરેલી ક્રિયા પોપટિયા જ થવાની એ ધ્યાનમાં રાખી કેવળ ગણત્રી તરફ ધ્યાન નહીં આપતા ધ્યાનની મૌલિકતા તરફ લક્ષ આપવું ઉચિત છે. એ વસ્તુ ધ્યાનથી જાપ કરનારના મનમાં ઠસી જઇ અમૃત ક્રિયા કરવા તરફ તેમનું ધ્યાન દોરાય એટલો જ આ લેખનો હેતુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિની જીવનરેખા

( ૨ )

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, M. A.

( ગતાંક પૃષ્ઠ ૪૦ થી શરૂ )

**ગુરુપરિવાડી-પટ્ટાવલી-સમુચ્ચય**( ભા. ૧, પૃ. ૪૧-૭૭ )માં આ કૃતિ ધર્મસાગરગણિની સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ સહિત છપાયેલી છે. મૂળ કૃતિમાં જઇણ મરહટ્ઠીમાં એકવીસ પદ્યો છે. આ કૃતિને **ગુર્વાવલિ, તપાગચ્છ-પટ્ટાવલી** તેમજ **પટ્ટાવલી** તરીકે **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ, ૧૦૮ )માં ઓળખાવી છે. એનું અપરનામ **ગુર્વાવલી-પટ્ટાવલી** છે. આ કૃતિમાં 'તપા' ગચ્છના આચાર્યોની **હીર**વિજયસૂરિ સુધીની પરંપરા વર્ણવાયેલી છે. આની સ્વોપજ્ઞ વૃત્તિના અંતમાં ( પૃ. ૭૭ માં ) એવો ઉલ્લેખ છે કે-**હીર**વિજયસૂરિની આજ્ઞાથી **વિમલહર્ષે**, કલ્યાણવિજયે, **સોમવિજયે** અને **લબ્ધિસાગરે** એમ ચાર ગણિઓએ આ કૃતિને **મુનિસુન્દરસૂરિકૃત ગુર્વાવલી**, જીર્ણ પટ્ટાવલી, **દુઃષમા સંઘ-સ્તોત્રયંત્ર** ઇત્યાદિ સાથે સરખાવી વિ. સં. ૧૬૪૮ માં અમદાવાદમાં તપાસી હતી. આ પૂર્વે આના અનેક આદર્શો થયા છે તે આ ઉપરથી સુધારીને વાંચવા, નહિ કે એ વિના.

આ **ગુરુપરિવાડીને** પ્ર. પ. સ.( પૃ. ૧૨ )માં **પટ્ટાવલી** કહી છે અને એની રચના વિ. સં. ૧૬૪૮માં થયાનો અહીં ઉલ્લેખ છે, પણ આ રચના-સમય કેમ ગણાય ?

**જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા**—પ્ર. પ. સ.( પૃ. ૧૨ )માં કહ્યું છે કે-**જંબુદ્દીવપણ્ણત્તિની** જે ટીકાઓ અત્યારે ઉપલબ્ધ છે એ સૌમાં આ મોટામાં મોટી અને જૂનામાં જૂની છે. એની રચના વિ સં. ૧૬૩૧ માં થયેલી છે. વિશેષમાં **હીર**વિજયસૂરિની તેમજ **શાંતિચન્દ્રગણિ**ની ટીકાઓ જે આ આગમ ઉપર છે તે આ **ધર્મસાગરીય** ટીકાની પછી થયેલી છે. ધર્મસાગરની આ ટીકાની નોંધ **જિનરત્નકોશ**માં નથી. **જૈન ગ્રંથાવલી**-( પૃ. ૬ )માં તો આની હાથપોથીઓ વિષે ઉલ્લેખ છે. વિશેષમાં અહીં ( પૃ. ૮ માં ) રચનાવર્ષ તરીકે વિ. સં. ૧૬૩૯ નો ઉલ્લેખ છે, પરંતુ એ ભ્રાંત જણાય છે.

**જૈ. સા. સં.** ૪( પૃ. ૫૮૩ )માં કહ્યું છે કે—**ધર્મસાગરગણિએ જંબુદ્દીવપણ્ણત્તિ** ઉપર વિ. સં. ૧૬૩૯ માં વૃત્તિ રચી હતી. વિશેષમાં આની એક પ્રશસ્તિ જે હેમવિજયે રચી છે તેમાંથી નીચે મુજબ ઉલ્લેખ અહીં કરાયો છેઃ—

"તે ( ઉપર્યુક્ત વૃત્તિ ) ત૦ **હીર**વિજયસૂરિએ દીવાળીને દિને રચી અને તેમાં કલ્પ-કિરણાવલીકાર ધર્મસાગર ઉ૦, તેમજ વાનર ઋષિ( વિજયવિમલ )એ સહાય આપી તેમજ તેનું સંશોધન પાટણમાં ત૦ વિજયસેનસૂરિ, કલ્યાણવિજય ગણિ, કલ્યાણકુશલ અને લબ્ધિસાગરે કર્યું હતું."

આમ ઉલ્લેખ કરી નીચે મુજબની કલ્પના કરાઈ છે:—" સૂરિના નામે ધર્મસાગરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળમાં વૃત્તિ રચી પણ તે ધર્મસાગર ખંડન શૈલીવાળા હોવાથી રખેને તેમાં બીજાનું ખંડન હોય તેથી તેનું સંશોધન ઉક્ત વિદ્વાનો પાસે કરાવ્યું હોય. ''

વર્તમાન સમયમાં ધર્મસાગર ગણિની વિવિધ કૃતિઓનો અભ્યાસ જેટલા પ્રમાણમાં આગમોદ્ધારકે કર્યો છે એટલો અન્ય કોઈએ કરેલો જાણવામાં નથી. આથી હું જૈ. સા. સં. ઇ. ગત લખાણને વજુદ વિનાનું અને રચનાસંવતના ભ્રમથી ઉદ્ભવેલું માનવા પ્રેરાઉં છું. હીરવિજયસૂરિ પોતાના નામે અન્યે રચેલી કૃતિ ચડાવવા દે એ વાત જ ગલત લાગે છે. એમ બનવાજોગ છે કે ધર્મસાગરગણિએ જે વૃત્તિ રચી તે હીરવિજયસૂરિને રુચિકર ન થઇ હોય તેથી અથવા તો ક્ષયોપશમની વિચિત્રતાને લઈને કોઇ બાબત ઉપર વિશેષ ભાર મૂકવાના ઉદ્દેશથી કે કોઇ નવીન હકીકત જણાવવા ખાતર આ સૂરિએ વૃત્તિ રચી હોય.

**તત્તતરંગિણી**—જઈણ મરહટ્ઠીમાં ૬૨ ગાથામાં રચાયેલી આ કૃતિ **તત્ત્વતરંગિણી** તરીકે સુપ્રસિદ્ધ છે. એના ઉપર ધર્મસાગરગણિની સંસ્કૃતમાં સ્વોપજ્ઞ વૃત્તિ છે. આ દ્વારા એમણે તિથિઓની વૃદ્ધિ અને હાનિને અંગેની ' તપા 'ગચ્છના અનુયાયીઓની માન્યતા આગળ કરી ' ખરતર ' ગચ્છવાળાનાં મંતવ્યોનું ખંડન કર્યું છે. આ **તત્તતરંગિણીની** રચના વિ. સં. ૧૬૧૫માં થઇ છે. રચનાવર્ષના ઉલ્લેખવાળા ગ્રંથોમાં આ આદ્યકૃતિ છે.

**તત્તતરંગિણીની** સ્વોપજ્ઞ વૃત્તિને કેટલાક **કુમતિકંદકુદ્દાલ** કહે છે. જુઓ **જિનચંદ્ર** ( પૃ. ૬૨ ).

**સિંહવિજય તત્તતરંગિણીને** જલશરણ કર્યાનું કહે છે, પણ આગમોદ્ધારક એ વાત સ્વીકારતા નથી. તેઓ પ્ર૦ પ૦ મ૦( પૃ. ૧૭ )માં કહે છે કે '' ખુદ દર્શનવિજયજીનો લેખ એકલા કુમતિકંદકુદ્દાલનો ચોકખો હોવાથી સિંહવિજયજીની વાત રહી શકતી નથી.'' વિશેષમાં એઓ કહે છે કે-તત્તતરંગિણીનો વિષય તિથિવિષયક મંડન-ખંડન છે તો '' તેમાં જલશરણ થવાનો અવકાશ જ કયાં છે ? ''

જૈ. સા. સં. ઇ.( પૃ. ૫૮૧ )માં એવો ઉલ્લેખ છે કે-'' તત્ત્વતરંગિણીની વૃત્તિની સં. ૧૬૧૭ ની લિખિત પ્રત પાટણના વાડી પાર્શ્વનાથ ભંડાર દા. ૧૫ માં છે તેમાં જણાવ્યું છે કે ' આ ગ્રંથનો કર્તા સર્વગચ્છસૂરિઓથી જિનશાસનમાંથી ઉત્સૂત્રપ્રરૂપણા કરવા માટે બહિષ્કૃત કરેલ ધર્મસાગર છે. '

**તત્તતરંગિણી** સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ઋષભદેવજી કેસરીમલજી શ્વેતાંબર સંસ્થા તરફથી ઈ. સ ૧૯૩૪માં પ્રસિદ્ધ કરાઇ છે. મૂળ અજ્ઞાતકર્તૃક ગુજરાતી બાલાવબોધ તેમજ એ ગુજરાતી *બાલાવબોધને સમજાવનારી ' બાલાવબોધિની ' ભાષા મુક્તાબાઇ જ્ઞાનમંદિર-( ડભોઇ )થી વિ. સં. ૨૦૦૫ માં છપાવાઇ છે.

* આ માટે કઈ અને કોની હાથપોથી કામમાં લેવાઇ છે એ વાત સંપાદક મહાશયને પૂછાવતાં તેમણે એવો ઉત્તર આપ્યો છે કે-હાથપોથીમાં કર્તા કે નકલ કરનારનું નામ નથી તેમજ કોઇ સાલસંવત્ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નયચક્ર-જૈન ગ્રંથાવલી**( પૃ. ૯૧ )માં આના કર્તા તરીકે **ધર્મસાગરગણિનો** ઉલ્લેખ છે. **પટ્ટાવલી-સમુચ્ચય**( ભા. ૨, પૃ. ૨૬૯ )માં આની વૃત્તિના કર્તા તરીકે પણ **ધર્મસાગરગણિનો** નિર્દેશ છે. આ ગ્રંથની ભાષા, વિષય વિગેરે બાબતની તપાસ કરવી બાકી રહે છે. જો આ મૂળ કૃતિ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ હોય તો આ કૃતિ જઇણ મરહટ્ઠીમાં હશે એમ મારું માનવું થાય છે.

**પજ્જુસણદસસયગ**—આ જઇણ મરહટ્ઠીમાં ૧૧૦ ગાથામાં રચાયેલી કૃતિ છે. એમાં પર્યુષણને અંગે ભાદરવા સુદ ચોથની તિથિ આરાધ્ય ગણાય, નહિ કે પાંચમ એ બાબતનું નિરૂપણ છે અને તેમ કરતી વેળા એથી વિપરીત મત ધરાવનારને ' કુપાક્ષિક ' કહી તેમના મતના અહીં ખંડન કરાયું છે. પ્રસંગવશાત્ કાલકાચાર્ય ત્રણ થઇ ગયા છે એ વાતનો અહીં નિર્દેશ કરી સંવત્સરી ચોથની કરનારા કાલકાચાર્ય તે કોણ તે દર્શાવાયું છે.

આમ આ કૃતિનો વિષય પર્યુષણ-પર્વ સાથે સંબદ્ધ હોવાથી અને એમાં ૧૧૦ ગાથા હોવાથી એનું નામ સંસ્કૃતમાં **પર્યુષણદશશતક** રખાયું છે તે યોગ્ય છે. ગાથાની સંખ્યા સોની લગભગની છે એ વાત વિચારતાં એનાં **પર્યુષણશતક** અને **પર્યુષણાશતક** નામ પણ ખોટાં નથી.

આ કૃતિ ઉપર **ધર્મસાગરગણિએ** જાતે સંસ્કૃતમાં વૃતિ રચી છે. એ વૃત્તિ તેમજ મૂળ " શ્રેષ્ઠિ ઋષભદેવ કેશરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા "( રતલામ ) તરફથી ઇ. સ. ૧૯૩૬ માં છપાવાઇ છે.

**પજ્જુસણદસસયગ**( ગા. ૧૦૬ )ની સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૩૪ )માં **કલ્પકિરણાવલી**ની ભલામણ કરાઇ છે અને **કલ્પકિરણાવલી**( પત્ર ૧ )માં **પર્યુષણાદશશતકનો** ઉલ્લેખ છે. વળી **પવયણપરિક્ખાના** ' આંચલિક ' વિશ્રામ( ગા. ૩૩ )ની સ્વોપજ્ઞ વૃત્તિ-( પત્ર ૪૪૭ )માં **પર્યુષણાદશશતકનો** અતિદેશ છે તો **પર્યુષણાદશશતક**( ગા. ૯૬ મી ) સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૨૯ અ )માં **કુપક્ષકૌશિકસહસ્રકિરણનો** એટલે કે **પવયણપરિક્ખાનો** અતિદેશ છે. આથી આ બધી કૃતિઓ લગભગ સમકાળે રચાઇ હશે એમ લાગે છે.

***પવયણપરિક્ખા** યાને **કુપક્ખકોસિયસહસ્સકિરણ( કુપક્ષકૌશિકસહસ્રકિરણ )**—આમ જે અહીં બે નામો આપ્યાં છે તે પૈકી પહેલું નામ આ કૃતિ તપાસી જઇ એને યોગ્ય ઠેરવતી વેળા શ્રી **હીરવિજયસૂરિએ** આપ્યું છે. સાથે સાથે એમણે જ આ કૃતિના પ્રત્યેક વિસ્સાય( વિશ્રામ )ના અંતમાં વિ. સં. ૧૬૨૯ ના ચૈત્ર સુદ દસમનો ઉલ્લેખ કર્યો છે એમ જણાય છે, કેમકે કર્તા તો પોતે એમ શા માટે કરે ? બીજું નામ

* આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત બે ભાગમાં ઋ૦ કે૦ શ્વે૦ સંસ્થા રતલામ તરફથી ઇ. સ. ૧૯૩૭ માં પ્રસિદ્ધ થઇ છે. સાક્ષીભૂત ગ્રંથો, વિશેષનામો, સાક્ષીભૂત પાઠો અને વિષયાનુક્રમ સહિત આગમોદ્ધારકે આનું સંપાદન કર્યું છે. પહેલા વિભાગમાં પાંચ અને બીજામાં બાકીના વિસ્સામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તાએ આપ્યું છે. એમણે આ કૃતિમાં જે દશનાં મંતવ્યોની આલોચના કરી છે એ દસેને ' કુપાક્ષિક ' કહ્યા છે, એમનાં નામ નીચે મુજબ છેઃ—

( ૧ ) દિગંબર, ( ૨ ) પૌર્ણમીય, ( ૩ ) ખરતર, ( ૪ ) આંચલિક, ( ૫ ) સાર્ધ-પૌર્ણમીયક, ( ૬ ) ત્રિસ્તુતિક, ( ૭ ) લુંપક, ( ૮ ) કડુક, ( ૯ ) બીજામતિ, અને ( ૧૦ ) પાશચન્દ્રીય. ' તીર્થ—સ્વરૂપ ' નામનો પહેલો વિસ્સામ છે અને એ બાદ ઉપર્યુક્ત દસ ' કુપાક્ષિક 'ને અંગે એકેક વિસ્સામ છે. અગિયારે વિસ્સામો જઈણમરહટ્ટીમાં પદ્યોમાં રચાયેલાં છે. પ્રત્યેકની પદ્યસંખ્યા નીચે મુજબ છેઃ—

૧૦૧, ૭૫, ૧૪૪, ૨૩૯, ૫૯, ૧૩, ૩૬, ૧૭૩, ૪૦, ૧૨, ને ૬૯ આમ એકંદર ૯૬૧ પદ્યો છે. આના ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. સવૃત્તિક મૂળનો ગ્રંથાગ્ર ૧૭૭૬૨ નો સુચવાય છે અને આમ પરિમાણની દૃષ્ટિએ આ જંબુદ્દીવપણ્ણત્તિ-ની ટીકા( ગ્રંથાગ્ર ૧૮૩૫૨ )ને બાદ કરતાં બીજી બધી કૃતિઓ કરતાં મોટી છે.

પવયણપરિક્ખાનો લગભગ ચોથો ભાગ ખરતરોની ઉત્પત્તિ અને એનાં મંતવ્યોના નિરૂપણને અંગેનો છે. બીજો ચોથો ભાગ દિગંબરો અને લુંપકોને લગતો છે; બાકીના અડધા ભાગમાં અવશિષ્ટ સાતનો અધિકાર છે.*

ગ્રંથકારે અંતમાં વિષયોને વ્યકત કરતું વિસ્તૃત બીજક આપ્યું છે. આંચલિક વિશ્રામ-( ગા. ૫૦ )ની સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૪૬૦ )માં પર્યુષણાદશશતકની ( સ્વોપજ્ઞ ) ટીકાનો ઉલ્લેખ છે.

આ કૃતિનું મહત્ત્વ સમજાવવા માટે આગમોદ્ધારકે **શ્રી પ્રવચનપરીક્ષાની મહત્તા** નામની પુસ્તિકા રચી છે. એના પૃ. ૯ માં કહ્યું છેઃ—

" ભગવાન્ મહાવીર—મહારાજના શાસનમાં પ્રતિપક્ષથી સભાદ્વારાએ અને તે પણ કર્તાની હાજરી છતાં અન્ય વ્યકિતદ્વારા જય મેળવનાર બીજો કોઇ પણ ગ્રંથ હોય તો આ એક જ પ્રવચનપરીક્ષા છે,

પ્રતિપક્ષથી વિજય મેળવીને ગાજતેવાજતે જો કોઇ પણ ગ્રંથ વધાવવામાં આવ્યો હોય તો તે આ પ્રવચનપરીક્ષા જ છે.

જીતની સભામાં પ્રતિપક્ષની તરફેણદારી કરનારાના જ વાજિંત્રોથી જો કોઇ પણ વિવાદ-મય ગ્રંથનું સન્માન થયું હોય તો તે આ પ્રવચન પરીક્ષાનું જ છે. મુસલમાની સરદાર (સૂબા) તરફથી જો કોઇ પણ વિવાદગ્રંથનો મહિમા કરાયો હોય તો તે આ પ્રવચનપરીક્ષા જ છે."

આ ગ્રંથને કેટલાક કુમતિકુદ્દાલ ઇત્યાદિ નામે ઓળખાવે છે અને એને જલશરણ કર્યાની વાતો કરે છે, પણ એમાં કંઇ વજુદ જણાતું નથી. આનાં કારણોમાં ન ઊતરતાં હું આ સંબંધમાં મારો નિમ્ન લિખિત લેખ જોવા વિશેષજ્ઞોને વિનવું છું.

" કુમતિકુદ્દાલ, કુમતિકંદકુદ્દાલ,, કુમતિમતકુદ્દાલ, ઉત્સૂત્રકંદકુદ્દાલ ઇત્યાદિ. "+ (ચાલુ)

* જુઓ મારું પુસ્તક **પાઇય( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય** (પૃ. ૨૩૯).
+ જુઓ શ્રી જૈન ધર્મપ્રકાશ પુ. ૬૭, અંક ૫, પૃ. ૯૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિ ચા ર ક ણિ` કા

## કોલસો.

કોલસાની કાલીમા જોઇ મને હસવું આવ્યું, ત્યારે મારી શુભ્રતા પર કોલસાને હસવું આવ્યું.

મેં કહ્યું: તું કેમ હસ્યો ?

એ કહે: ભાઇ ! તું કેમ હસ્યો ?

મેં કહ્યું: સંસારમાં સર્વથી અધિક તારી કાળાશ જોઈને !

એ કહે: મને તારી બાહ્ય શુભ્રતા જોઈને; કારણ કે-મેં તો મારી જાતને બાળીને, જગતને પ્રકાશ આપી, મારી જાતને કાળી કરી; પણ તમે માણસોએ તો જગતને કાળું કરી માત્ર તમારી જાતને જ બાહ્ય રીતે ધોળી કરી. અને ભાઈ! અમે કાળા હોઇએ તોપણ તેજથી ઝગહળતા હીરા આપનાર કોઇ હોય તોપણ અમે જ છીએ.

જાતને બાળી પ્રકાશ આપનાર પર તમને હસવું આવતું હોય તો અમને પણ તમારી બાહ્ય શુભ્રતા પર હસવું આવે છે.

* * *

## ઉદય અને અસ્ત.

હે પ્રકાશના પુંજને વર્ષાવનારા ગગનના લાડકવાયા દિવાકર! તને લોકો પૂજે છે અને વિપ્રો સન્ધ્યાવન્દન કરે છે, એનું કંઇ કારણ જણાવીશ ?

ભોળા! ન સમજ્યો ? હુ જેમ ઉદયાચળ પર નિયમિત રીતે આવું છું, તેવી જ રીતે અસ્તાચળ પર પણ નિયમિત રીતે જ જાઉં છું. વળી જેવું પ્રકાશ-સ્મિત ઉદય વખતે પાથરું છું, તેવું જ પ્રકાશ-સ્મિત અસ્ત સમયે પણ પાથરું છું,-મારે મન ઉદય અને અસ્ત સમાન છે! ઉદય ટાણે મને અસ્તનો ખ્યાલ છે અને અસ્ત ટાણે મને ઉદયની પૂર્ણ શ્રદ્ધા છે.

ઉદયમાં હું ફૂલાતો નથી તેમ અસ્તમાં મૂંઝાતો નથી. આ જીવન-રહસ્ય મેળવવા જ પ્રજા મને પૂજે છે અને વિપ્રો મને અર્ઘ્ય આપે છે!

* * *

## ખંડિયેર.

તું આને માત્ર પડી ગયેલાં મકાન અને નષ્ટ થયેલી હવેલી કહે છે પણ હું તો આને આપણા પૂર્વજોનો ભવ્ય ઇતિહાસ માનું છું.

આ ખંડેરોમાં જે વીરગાથા ગુંથાયેલી છે, આ પથ્થરોમાં જે સૌંદર્ય છુપાયેલું છે, અહીંની ધૂળના રજકણમાં જે ખમીર ઝળહળી રહ્યું છે, અહીંની દિવાલોમાં ભૂતકાળનો જે ગૌરવભર્યો ઇતિહાસ લખાયેલો છે, અને અહીંના વાતાવરણમાં જે સર્જન-વિસર્જનની ભાવના ભરી છે તે આજે પણ આપણે અનુભવી શકીએ છીએ. હા. તેનું સંવેદન કરવા માટે સહૃદયતાભરી આર્ષદષ્ટિની આવશ્યકતા તો ખરી જ! જેનો સાત્ત્વિક માનસ-દીપક બૂઝાઇ ગયો છે તેને તો અહિં પણ કેવળ અન્ધકાર જ નજરે પડશે!

**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું એ હાર ટોડલો ગળી ગયો ?

## સતી દમયંતીના સત્યની અગ્નિ પરીક્ષા

લેખક:—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી–સુરેન્દ્રનગર.

( હપ્તો ૭ :: ગત વર્ષના પૃ. ૪૭થી શરૂ )

રાજમાતાની આજ્ઞાને શિર પર ચડાવી રાજા સુબાહુએ કરેલા હુકમ મુજબ " સતી-પ્રાગટ્યદિન " તરીકેની સર્વ પ્રકારની તૈયારી મંત્રીશ્વરે કરી નાખી જેથી રાજ્યમાં આજે સર્વત્ર આનંદ ઉત્સવ થઇ રહ્યા છે, આખી નગરી ધજાપતાકા અને સોનેરી તોરણોથી શણગારવામાં આવી છે. જાતજાતના નમૂનારૂપ કિંમતી કમાનો ઊભી કરવામાં આવી છે. હીરા તથા રત્નજડિત સિંહાસનો રાજદરબારમાં શોભી રહ્યા છે, કિંમતી ચંદરવાઓ ઝૂલી રહ્યા છે, સુગંધી જળ છંટાય છે, અનેક પ્રકારનાં વાજીંત્રો વાગી રહ્યા છે, દેવાલયોમાં ઘંટાનાદ અને રાગરાગણીના સુર પૂરાવતા ચોઘડીઆઓ સાંભળી જનતા અપૂર્વ આનંદ અનુભવે છે, સ્થળે સ્થળે નાટારંભ અને બાળગીતો ગવાઇ રહ્યા છે. જૂદા જૂદા રાગના રાસડાઓ, ગરબીઓ અને હીંચના દેખાવો વાજીંત્ર સાથે થવાથી આ કેઇ ઇન્દ્રપુરી છે એવો દેખાવ થઇ રહ્યો છે.

સૌ સૌના ધર્મ પ્રમાણે ભજન, કીર્તન અને પ્રાર્થના થઇ રહ્યાં છે. વેદપાઠી બ્રાહ્મણો વેદના–ગાયત્રીના ઉચ્ચારો કરી રહ્યા છે, શંકરભકતો હરહર મહાદેવની જય બોલાવે છે. જૈનો દેવ, ગુરુ અને ધર્મની જય બોલાવે છે. ઇંદુમતી અને સુનંદાએ રાજમહેલો શણગારવામાં બાકી રાખી નથી. હજારો સ્ત્રીજન વચ્ચે સતીની બોલબાલા સ્થળે સ્થળે ગવાઇ રહી છે. મહાસતી દમયંતી, રાજમાતા અને વિપ્ર સુદેવ આ બધું નિહાળી રહ્યા છે. સતીનો મહિમા ગવાઇ રહ્યો છે. હજારો માણસો સતીના દર્શને આવી રહ્યાં છે. આમ અનેક રીતે આજનો દિવસ શોભી રહ્યો છે.

આ ધર્મ રાજ્યમાં બ્રાહ્મણો અને શ્રમણો ધર્મનાં શુદ્ધ અનુષ્ઠાનો સેવે છે, અહિંસાનું પાલન એ રાજનો સતત મુદ્રાલેખ છે, તેને કોઇ તોડી શકતું નથી. બ્રાહ્મણો અને શ્રમણો સૌ પોતપોતાની શુદ્ધ શ્રેણિને અનુસરનારા છે, સૌ સૌના અધિકાર પરત્વે કેટલોક ક્રિયાભેદ છે, પણ તે ભેદ અહિંસાપાલનમાં જરા પણ આડો આવતો નથી. આર્ય સંસ્કૃતિનું પૂરેપૂરું પાલન કરનાર આ રાજ્ય સાડીપચીશ આર્ય રાજ્યમાં વખણાય છે. આ રાજ્ય સત્યવાદી વસુરાજાના વંશજોનું છે, રાજા પરંપરાગત ધર્મિષ્ઠ અને પ્રજાપાલક છે. ધર્મના ઝગડા આ રાજ્યમાં નથી, સ્ત્રીઓ સદાચરણી અને સ્વધર્મનું પાલન કરનારી છે. તેમજ શૂરવીર અને સંસ્કૃતિ જાળવનારી છે. શાસ્ત્રકારોએ બતાવેલા ૯ પ્રકારના આર્યો જેવા કે–દેશ આર્ય, ક્ષેત્ર આર્ય, જાતિ આર્ય, કુળ આર્ય, ભાષા આર્ય, વાણિજ્ય આર્ય, શિલ્પ આર્ય, કળા આર્ય અને ભાવ આર્ય( જ્ઞાનાર્ય, દર્શનાર્ય, ચારિત્રાર્ય )થી આ દેશ શોભી રહ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## —આર્ય દેશનું ગૌરવ નીચેના ગુણમાં સમાઇ જાય છે.—

આર્ય દેશ તો એ જ કહેવાય કે જ્યાં બ્રાહ્મણો તથા શ્રમણો સુખી હોય, સન્માન પામતા હોય, પશુ પક્ષી આદિ સર્વ પ્રાણીઓ નિર્ભય હોય, કોઇ કોઇને દુઃખનું કારણ ન હોય, પ્રજા ધર્મિષ્ઠ અને રાજાની આજ્ઞામાં હોય, રાજા પ્રજાનો ધર્મભાવે પાલક હોય, સૌ સૌની ઇચ્છા મુજબ સૌ નિર્દોષ ધર્મને આચરતા હોય, પ્રામાણિકપણે વાણિજ્ય ચાલતું હોય, ચોરી લૂંટફાટ કે બીજા ઉપદ્રવો ન હોય, પ્રજા સંપ, સત્ય અને સૌજન્યને સેવતી હોય, આચારવિચાર અને વ્યવહારની વિશુદ્ધિ હોય, વાણી એવું જ વર્તન હોય, દગા-ફટકા કે પ્રપંચ ન હોય, નમ્રતા, સાદાઇ અને સહનશીલતાના ગુણો કેળવાયા હોય, માનવ જીવનના આધારભૂત પશુજીવનનું પાલન થતું હોય, તેમાં પણ ગાયોના પાલનને માટે તો આર્ય દેશ નમૂનારૂપ ગણાય છે. આર્ય નૃપતિઓ ગોબ્રાહ્મણપ્રતિપાલનો માનવંતો દરજ્જો ભોગવે છે. તેનું કારણ પણ એ જ છે. ચક્રવર્તી મહારાજા દિલિપ ગાયોનું કેવું રક્ષણ કરતા હતા તેનું સાત્ત્વિક ઉદાહરણ આપી શકાય.

**स्थितः स्थितामुच्चलितः प्रयातां, निषेदुषीमासनबन्धधीरः ।**
**जलाभिलाषी जलमाददानां, छायेव तां भूपतिरन्वगच्छत् ॥**

આ પ્રજાપતિ મહારાજા ક્ષેત્રસંન્યાસ સ્વીકારી વસિષ્ઠ ગુરુની ગાયનું રક્ષણ કરવા માટે તેની સાથે જ ફરે છે, ગાય જ્યારે ઉભી રહે ત્યારે પોતે ઉભા રહે છે, ગાય ચાલે છે ત્યારે પોતે તેની પાછળ ચાલે છે, ગાય બેસે છે ત્યારે પોતે પણ બેસીને વિશ્રાંતિ લે છે, ગાય જ્યારે પાણી પીએ છે ત્યારે જ પોતે પાણી પીવાની ઇચ્છા કરે છે. આવી રીતે આ રાજછત્રની છાયાની માફક ગાયની સેવા કરતા કરતા તેની પછવાડે જાય છે.

વિચારવાનું એ જ કે—ગાયરૂપી પશુધન એ આર્ય નૃપતિઓનું અને આર્ય પ્રજાનું વંદનીય, પૂજનીય ધન હતું. બીજી ઘણી રીતે આર્ય સત્વની ઝાંખી થઇ શકે છે. આર્ય ધર્મની શોભારૂપ ગણાતા બ્રાહ્મણો, શ્રમણો, યોગીઓ કે સંત મુનીશ્વરો આર્ય પ્રજાના ને આર્ય રાજાના વંદનીય પૂજનીય દેવ સમાન હતા. તેમાંથી એકાદ બે દાખલા લઇએ. નીચેના શ્લોકમાં સંતસ્વરૂપ પ્રત્યેનો સદ્ભાવ પ્રદર્શિત થાય છે.

**सतां सदा शाश्वतधर्मवृत्तिः, सतां न सीदंति न च व्यथन्ते ।**
**सतां सद्भिर्नाफलः संगमोऽस्ति, सद्‌भ्यो भयं नानुवर्तन्ति संतः ॥**

સંતપુરુષોની હમેશાં શાશ્વત ધર્મમાં જ વૃત્તિ હોય છે, આવી રીતે સદ્ધર્મનું આલંબન લેનારા સંતો નબળા પડતા નથી તેમજ વ્યથા—દુઃખ પામતા નથી. સદ્ભાવથી સત્પુરુષોનો સંગમ—સત્સંગ અફળ નથી. સંતપુરુષો સ્વભાવથી જ સદ્ભાવવાળા હોવાથી કોઇનો ભય પામતા નથી—સદા અભયી જ હોય છે.

આર્ય કર્તવ્ય કે આર્ય મહાવ્રતના પાલનમાં પરાર્થભાવ કેટલો સમાયો છે અને તેના સાધકોમાં કેટલી શ્રદ્ધા છે તે નીચે બતાવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**आर्यजुष्टमिदं वृतमिति विज्ञाय शाश्वतम् ।**
**संतः परार्थं कुर्वाणा नापेक्षन्ते प्रतिक्रियाम् ॥**

આર્યોએ સદાકાળ સ્વભાવથી જ સેવેલું ( **जुष्टम्, प्रतिष्ठितम् सुपालितम्, स्वीकृतम्, अंगीकृतम्, उपास्यम्, संसेव्यम्, परार्थव्रतम्** ) આ પરાર્થ વ્રત-પારકાનું ભલું કરવાની ભાવનાનું વ્રત જે સનાતન છે, એવું જાણીને સંતપુરુષો પારકું ભલું કરતાં કદી અચકાતા નથી.

આ ઉપરથી નક્કી થાય છે કે-પરાર્થભાવ એ જ આર્ય દૃષ્ટિ છે, આર્ય દૃષ્ટિમાં પરાર્થભાવ ભર્યો પડયો છે. આર્ય આચરણના કેટલાક વિશિષ્ટ ભાવો નીચેના પદમાં અમૃતરૂપે સમાયા છે.

**आर्यप्रदेशेषु विधाय जन्म, मनुष्यदेहं श्रुतिभाजनं वा ।**
**लब्ध्वा सतां वाक्यसुधां नु मूर्खः, सुधां मुधा चेहत एव मन्ये ॥**

આર્ય પ્રદેશમાં જન્મ લઈ, માનવ ભવ પ્રાપ્ત કરી, શાસ્ત્રશ્રવણ કરી એટલે પવિત્ર પુરુષોની વાણી સાંભળ્યા પછી જે કોઈ બીજા અમૃતને ઇચ્છે છે તે હું નિષ્ફળ માનું છું. મતલબ કે-માનવ ભવ, આર્ય પ્રદેશમાં જન્મ, શાસ્ત્રનું શ્રવણ અને પાલન. આ સિવાય બીજું વિશેષ અમૃત તે શું હોય ?

આમ આર્ય પ્રજા, આર્ય ગુણ, આર્ય વ્રત અને આર્ય ભાવથી અલંકૃત હોય છે. રાજા સુબાહુનું રાજ્ય ઉપરોક્ત આર્ય વિશિષ્ટતાએ શોભી રહ્યું હતું, તેમાં સતીના પ્રાગટ્ય પછી તો તેનો મહિમા વિશેષ ગવાયો.

હવે એક વાત સ્પષ્ટ કરવા જેવી એ લાગે છે કે-આર્ય પ્રદેશમાં વસતા સર્વ જનો આર્ય જ હોય એમ એકાંત કહી શકાય નહિ. આર્ય અનાર્ય એ પારિણામિક ભાવ છે, જેથી એ ભાવની સ્થિતિ તો સર્વ સમયે સર્વ સ્થાને ન્યૂનાધિક હોય છે, એટલે આર્ય ક્ષેત્રમાં પણ કોઇ કોઇ અનાર્ય બુદ્ધિના જીવો સદાકાળ વસતા જ હોય છે. તેમજ અનાર્ય ક્ષેત્રમાં પણ આર્ય બુદ્ધિના જીવો તો કોઇ કોઇ હોય જ. જે જીવાત્મા જે શ્રેણિનો હોય તે પ્રમાણે તેનું વર્તન હોય જ. આર્ય રાજ્યમાં અહિંસાનું પાલન થાય ખરૂં, યજ્ઞ યાગાદિ ક્રિયા બંધ હોય છતાં સર્વત્ર બધી પ્રજા સર્વ ભાવે અહિંસક ભાવે હોય એમ કહી શકાય નહિ; કેમકે મનુષ્યના ભાવ ઉપર કોઇની સત્તા ચાલતી નથી.

પ્રભુ મહાવીરના સમયનો દાખલો લઇએ. પ્રભુ મહાવીર વારંવાર રાજગૃહી નગરીમાં પધારતા. શ્રેણિક મહારાજા પ્રભુના ભક્ત હતા, જેથી શ્રેણિક મહારાજાએ પોતાના આખા રાજ્યમાં પડહો વગડાવી જણાવ્યું કે-મારા રાજ્યમાં કોઈ પશુવધ કરશે તો તે શિક્ષાને પાત્ર થશે. આમ હુકમ છતાં મહાશતક નામના પ્રભુના પરમ ભક્ત શ્રાવકને ઘેર જ તેની સ્ત્રી રેવતી માંસનો આહાર કરતી. એટલે અનાર્ય જીવોની અનાર્ય કરણીને કોઇ અટકાવી શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી રીતે વિચારીએ તો જણાય છે કે જ્ઞાન અને અજ્ઞાન બંને ભાવ નવા નથી. સંસારમાં બધા જીવો જ્ઞાની હતા અને કોઇને અજ્ઞાન ન હતું એમ કહી શકાય નહિ. જ્ઞાની અને અજ્ઞાની સ્વભાવથી સર્વ કાળે રહેલા જ છે, તેમ આર્ય અનાર્યનું પણ છે. ફક્ત તેમાં કાળની તરતમતા હોય છે. ક્ષેત્રે અને કાળે કરીને આર્ય દેશમાં અનાર્ય ઓછા અને અનાર્ય દેશમાં આર્ય ઓછા એમ કહી શકાય.

આર્ય કરતાં અનાર્ય દેશ ઘણા વિશેષ છે. ભરતક્ષેત્રના ૩૨૦૦૦ દેશોમાં આર્ય દેશ માત્ર સાડીપચીશ જ છે. એટલે નક્કી થાય છે કે-આર્ય પ્રજા કરતાં અનાર્ય પ્રજા ઘણી વધારે છે. મહાત્મા આનંદઘનજી કહે છે કે—

**થોડા આર્ય અનાર્ય જનથી, આર્ય ક્ષેત્ર બહુ થોડા;**
**તેમાં પણ પરિણતિજન થોડા, શ્રમણ અલ્પ બહુ થોડા. ( મોક્ષ )**

અનાર્ય કરતાં આર્ય ક્ષેત્ર થોડા, તેમાં પણ જેને રાગદ્વેષ અવસ્થાનું ભાન થયું હોય એવા જીવાત્માઓ બહુ થોડા, એ બધામાં આત્મપરિણતિવાળા-વીતરાગ દશાને પામેલા અઘોર તપશ્ચર્યા કરવાવાળા શ્રમણો તો ઘણા જ અલ્પ જાણવા. ભગવદ્‌ગીતા પણ આ જ કથનને પુષ્ટિ આપે છે.

**मनुष्याणां सहस्रेषु, कश्चिद्यतति सिद्धये ।**
**यततामपि सिद्धानां, कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥**

હજારો મનુષ્યોમાં કોઇક જ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે, ને એવા હજારો પ્રયત્નો કરનારાઓમાંથી ભાગ્યે કોઇક જ તત્ત્વથી મને જાણે છે. આ ઉપરથી નિર્ણય થયો કે-આર્ય કરતાં અનાર્યની અને ધર્મી કરતાં અધર્મીઓની સંખ્યા જગતમાં વધારે હોય છે. આ કથન ભરતક્ષેત્રની અપેક્ષાએ છે. હવે અનાર્યનું સ્વરૂપ તપાસીએ.

આર્યથી ઊલટું સ્વરૂપ અનાર્યનું છે. અનાર્ય દેશ કદી સમૃદ્ધ હોય કે વિદ્યા-કળાની ટોચે પહોંચેલો હોય પરંતુ તે સુખી હોય એમ ધારવાનું નથી, કેમકે તેની ભાવના જ અનાર્ય છે. સ્વભાવથી અનાર્ય ભાવો હોવાથી તેમનાં જીવન ક્લેશમય હોય છે, આ જીવનમાં જડવાદનું પ્રમાણ વિશેષ હોય છે, અસંતોષી જીવન હોવાથી સદાય દુઃખનો જ અનુભવ મેળવે છે. આ રાજા પ્રજાની રાજલાલસા વૃદ્ધિ પામતી હોવાથી તેમજ પારકું લેવાની ને તેને પચાવી પાડવાની વૃત્તિ હોવાથી તે પ્રજા અંદરોઅંદર કુસંપથી ઘેરાયેલી હોય છે, પરસ્પરની લડાઇઓથી તે સદાય ક્ષીણ થતી જાય છે, અનાર્ય પ્રજા પરિણામે આબાદ થઇ શકતી નથી. કદાચ કોઇ પ્રજા આબાદ હોય તો પણ તેની નૈતિક સંસ્કૃતિ તો અતિ વિષમ જ હોય છે. ખરી આબાદી આર્યભાવમાં જ એટલે સંતોષમાં જ છે. અસંતોષના સડામાં ડૂબેલી પ્રજા કેટલી દુઃખી છે તેના દાખલા ઇતિહાસ પૂરા પાડે છે.

આ પ્રજાનું માનસ સદાય લડવાનું હોવાથી સર્વનાશના સાધનો શોધતી જ હોય છે, તેમજ પાપની પરંપરા વધારતી જ હોય છે. રાજ્યની વૃદ્ધિ, લક્ષ્મીની વૃદ્ધિ, સત્તાની વૃદ્ધિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનની વૃદ્ધિ અને વૈભવની વૃદ્ધિ અર્થે અનેક દુરાચાર સેવતી હોય છે, પુણ્ય પાપને જોવાની બુદ્ધિ તેની બૂંઠી થઇ ગયેલી હોય છે, જડવાદથી ઘેરાઈ જવાથી હિતાહિતનું ભાન તેને રહેતું નથી, પળમાં અનેક પ્રલયો ઊભા કરવાની પ્રેરણામાં તે મશગૂલ બની હોય છે, વચનો આપવા, સ્વાર્થો સાધવા અને વચનો તોડવાની કળા આ પ્રજા સારી રીતે જાણે છે. આર્ય પ્રજા શરણે આવેલાનું રક્ષણ કરે છે ત્યારે અનાર્ય પ્રજા શરણાગતનો ઘાત કરે છે. એકંદરે અનાર્ય પ્રજા ભલે રાજ્યધન, લક્ષ્મી ને વૈભવથી ભરપૂર હોય પરંતુ તે એકંદરે દુઃખી હોય છે. આ કર્તવ્યની દૃષ્ટિએ વિચાર કર્યો.

હવે તત્ત્વની દૃષ્ટિએ જોઇએ તો અનાર્ય ભાવને શાસ્ત્રકારોએ અજ્ઞાનભાવ કે મિથ્યાભાવ કહ્યો છે. સ્વપરિણતિ બદલી પરભાવમાં કે વિભાવમાં રહેનાર જીવને અનાર્ય કે મિથ્યાદૃષ્ટિ કહે છે. આર્ય કે અનાર્ય જીવમાં જ્ઞાનદર્શનરૂપ આત્મિક ગુણ તો સરખો જ છે, પરભાવમાં પોતાપણું માનનારો જીવ લક્ષણથી અનાર્ય છે, જીવ જ્ઞાનદર્શન ગુણનો ધારક છે છતાં તે ગુણનો ઉપયોગ કરતો નથી. આ અનાર્યભાવ કે મિથ્યાભાવનું કારણ છે, કેમકે અનાર્ય જીવ અનુપયોગે વળેલો છે, એટલે કે અનાર્ય ભાવનું આવરણ તેને ઢાંકી રહ્યું છે. આ આવરણ જૈનદૃષ્ટિએ સાત પ્રકૃતિઓનું બનેલું છે. આ સાતે પ્રકૃતિ આત્મા ઉપર આવરણ કરનાર કર્મરૂપ પરિણતિવાળી જડ પ્રકૃતિ છે. આ પ્રકૃતિ જડ છે છતાં એટલી સત્તાધીશ છે કે–આત્માની શુદ્ધ જ્યોતિને તે પ્રગટવા દેતી નથી. એટલું જ નહિ પણ સંસારની વૃદ્ધિ કરવામાં તે અસાધારણ બળવાન છે. જીવ સ્વભાવથી અનંત શક્તિમાન છતાં આ પ્રકૃતિ ઉપર વિજય મેળવી શકતો નથી. આ પ્રકૃતિઓને બાળવાનું અસ્ત્ર શસ્ત્ર જે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે, તે પ્રગટાવવા પુરુષાર્થ સેવે તો તુર્તજ આ સાતે પ્રકૃતિઓ પલાયન થઇ જાય.

રાજમાતા અને રાજા સુબાહુ વ્યવહાર અને નિશ્ચયે આર્ય ભાવથી અલંકૃત છે તેમાં પણ દમયંતીના પ્રભાવ પછી તો તેમનાં અંતઃકરણો અતિવિશુદ્ધ બની ગયાં છે, ઇંદુમતી અને સુનંદા પણ કોઇ અલૌકિક ભાવમાં રમી રહ્યાં છે અને સેવકો તેમજ પ્રજાજન પણ કોઇ સ્વર્ગીય સુખને જાણે પામ્યા હોય એવો આભાસ થઇ રહ્યો છે. આર્ય પ્રજા, આર્ય રાજા અને આર્ય સુખની આ સ્થળે પરાકાષ્ઠા છે. (ચાલુ)

---

**धर्मार्थे यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।**
**प्रक्षालनाद्धि पंकस्य, दुरादस्पर्शनं वरम् ॥**

ધર્મને માટે પૈસા મેળવવાની ઇચ્છા કરવી તેનાં કરતાં તેની ઇચ્છા ન જ કરવી એ વધારે સારું છે. પગે કચરો લાગ્યા પછી તેને ધોઇને સાફ કરવા કરતાં દૂરથી કાદવનો સ્પર્શ ન કરવો એ વધારે સારું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાતિ-બિન્દુ.

( ૨ )

( અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી )

લેખકઃ—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

**આકસ્મિક યોગ—**

અરરર! આજના આ અનોખા મુહૂર્તે આ અપશુકન! માંડ બે માસનો શોક પાળી આજે ધંધામાં પુનઃ પ્રવેશ કરવાના ટાણે આ ઊઘાડા માથાવાળાના દર્શન! ગુફા-માંથી બહાર પડતાં શુકન તો સારા થયેલ ત્યાં આ એકાએક સામે કયાંથી આવી ચઢ્યા? આ તો 'પ્રથમગ્રાસે મક્ષિકાપાત' જેવું!

મિત્ર અર્હદ્દાસની વારંવારની માંગણી છતાં મેં એ કેવી સિફતથી અભરાઈએ ચઢાવી, અને એક પણ વાર નાલંદા ન ગયો. મૃત્યુશય્યા પર પિતાશ્રીને મેં જે ખાત્રી આપી હતી તેના પાલનમાં આજ સુધી હું અડગ જ રહ્યો છું, પણ આજે મારી એ પ્રતિજ્ઞાનું પાલન કેવી રીતે કરવું એ એક કોયડો છે! રાહદારી માર્ગે હું જે દિશામાં જઇ રહ્યો છું તે માર્ગે એ સામેથી આવી રહ્યા છે. સાથમાં માનવવૃંદ પણ નાનુંસૂનું નથી જ. મારે એ દિશામાં આગળ વધ્યા સિવાય ચાલે તેમ નથી જ. મધ્યાહ્ન લગભગ કામ આટોપી પાછા ફરવું જ જોઇએ. તો જ આજ માટે નક્કી કરેલ મનોરથ સફળ થઇ શકે. માર્ગ એક જ હોવાથી કંઇ ને કંઇ એ સંતના શબ્દ કાને અથડાય. એમ થાય એટલે પ્રતિજ્ઞાભંગ થાય જ.

વધુ અફસોસજનક તો એ છે કે—આસપાસની ધરતી ખેતરોથી ભરેલી હોઇ, મજબૂત વાડથી રક્ષણ કરાયેલી છે, નહિં તો એમાંની એકાદ પગથાનો ઉપયોગ કરી ઉપસ્થિત થયેલ ધર્મસંકટ ટાળી દેત.

આમ વિચારમગ્ન બનેલ અને સડકના માર્ગે જોરથી પગલાં પાડી રહેલ ગૃહસ્થ, જ્યાં સામી દિશામાં નજર દોડાવે છે ત્યાં એની નજરે એક આશાનું કિરણ ચઢે છે. નાલંદાની દિશામાં આવી રહેલ મહાત્મા, પોતાના શિષ્યગણ સહિત એક ભરાવદાર વટવૃક્ષ ફરતા બાંધેલા ચોતરા સમિપ થોભે છે. ભક્ત સમુદાય આસપાસ વીંટળાઇ ઊભો રહે છે. એ સંત શું ઉપદેશ આપે છે એ શ્રવણ કરવા તત્પર બને છે.

આ તકનો લાભ લેવાનો અને એ વડના ઝાડ પાછળની સાંકડી નેળમાંથી ગુપચૂપ પસાર થઇ જવાનો નિરધાર કરી, પેલો ગૃહસ્થ જોરથી પગ ઉપાડે છે.

'નસીબ ચાર ડગલા આગળનું આગળ' એ જનવાયકા ખોટી નથી જ. વડના ઝાડની પાછળ બાવળનું કાંટાળું ઝાડ એવી રીતે ઊગીને વિસ્તર્યું હતું કે એ રસ્તે જનાર હરકોઇને એના કાંટા ભોંકાયા વિના ન રહે. નજિક આવતાં જ પેલા ગૃહસ્થની આંખે આ સત્ય ચઢયું પણ બાણ તો છૂટી ગયું હતું. વટવૃક્ષ હેઠળ મળેલ માનવ સમુદાયની નજર ચુકાવી, એક શબ્દ પણ સાંભળ્યા વિના એને પસાર થવું હતું એટલે બાવળની શૂળોની પરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા વિના આગળ પગલું ભર્યું. ત્યાં તો એક પગરખું કાંટામાં ઝલાઇ ગયું, વાંકો વળી કાઢવા માંડે છે ત્યાં એક શૂળ પગના તળિયામાં ભોંકાઈ. સંતના શબ્દો સાંભળવા નહોતા એટલે કાને હાથ દઇ ચાલવા માંડેલું પણ ઉપરના બનાવથી ન-છૂટકે હાથ કાન પરથી ખસેડવા પડયા. ઉપદેશમાંનાં નિમ્ન શબ્દો ઇચ્છા નહી છતાં સંભળાઇ ગયા '**દેવતાના કંઠમાં રહેલી પુષ્પમાળા કરમાતી નથી અને તેઓ જમીનથી અદ્ધર રહે છે.**'

જલ્દી, જલ્દી, શૂળ કાઢી, પગરખું ઠીક કરી, છુપાતો-છુપાતો એ ગૃહસ્થ આગળ નીકળી ગયો. પુનઃ કાનો પર હાથ દઇ દીધા અને જાણે એક મહાન્ આપત્તિમાંથી છૂટયો એમ માનતો આગળ વધ્યો. એની આ જાતની વિચિત્ર વલણ સંત સાથેની મંડળીમાં નજિકના આગળના-ભાગમાં ઉભેલા એક વિચક્ષણ પુરુષની દ્રષ્ટિથી છૂપી ન રહી. ધોરી માર્ગ છોડી, આ મહાત્માનો ઉપદેશ શ્રવણ કરવાની અમૂલી તક ત્યજી, અને કાને હાથ મૂકી ગુપ્તપણે આડા માર્ગે પસાર થઇ જનાર વ્યક્તિ ભેદી હોવી ઘટે. એ અંગે તપાસ કરવી જ જોઇએ. તરત જ ઉપદેશ પૂરો થતાં એણે પોતાના એક સાથીને બાજુએ બોલાવી પેલા ગૃહસ્થની પાછળ રવાના કર્યો.

વર્ણવાતા પ્રસંગમાં ખાસ સ્પષ્ટીકરણની અગત્ય નથી. સડકમાર્ગે જે ગૃહસ્થ જતો જોઇ ગયા એ અન્ય કોઇ નહીં પણ વાર્તાનાયક રોહિણીયો ચોર પોતે જ છે. વેશ-પરિવર્તનની કળામાં નિષ્ણાત એવો તે દિવસે ગૃહસ્થને શોભે એવા પોશાકને ધારણ કરી, રાત્રે ખાતર પાડવાના સ્થળનો તેમજ પકડાઇ ન જવાય તેવી અન્ય કાર્યવાહીનો પ્રબંધ કરતો. એના પિતાના મરણ પાછળ લગભગ બે માસ પર્યંત પોતાનો વ્યવસાય બંધ રાખી-વ્યવહાર દૃષ્ટિયે શોક પાળી, આજનો દિવસ સારો છે, એવો વૃત્તાન્ત જોશીદ્વારા જાણી લઇ, ધંધાના ફરીથી મંગળાચરણ કરવાના કાર્ય અંગે તે નીકળી પડ્યો હતો. વૈભારગિરિની કંદરા ઉતરી જ્યાં રાજગૃહીના નાલંદા જતાં સરિયામ માર્ગ પર આવ્યો ત્યાં સામી દિશાએથી માનવ-વૃંદ આવતું નજરે પડયું. બરાબર અવલોકન કરતાં એમાં સંતશિરોમણી ભગવંત મહાવીરને જોયા. એ જોતાં જ એના મુખમાંથી જે ઉદ્ગારો બહાર પડ્યા તે આપણે ઉપર વાંચી ગયા.

વાત યથાર્થ હતી. ભગવાન્ મહાવીરસ્વામી નાલંદામાંથી વિહાર કરી, પવિત્ર વૈભારગિરિ પહાડ પર જઇ રહ્યા હતા. રાજગૃહીમાંથી સારી સંખ્યાના ઉપાસકો વહેલી સવારના નીકળી નાલંદા પહોંચ્યા હતા. ભગવંત સહ વિહારમાં સાથે હતા. જાતજાતના શંકા-સમાધાન, વાર્તાલાપદ્વારા કરતા તે સર્વ આ તરફ આવી રહ્યા હતા. એક જિજ્ઞાસુએ દેવોને કેવી રીતે ઓળખી શકાય એવો પ્રશ્ન કરેલો એટલે પૂર્વે જોયું તેમ વટવૃક્ષ હેઠળ અલ્પ સમય થોભી ભગવંતે ઉચ્ચાર્યું કે—

**अनिमिसनयणा मणकज्जसाहणा पुप्फदामअमिलाणा ।**
**चउरंगुलेण भूमिं न छिव्विंति सुरा जिणा बिन्ति ॥**

અર્થ સમજાવતાં જણાવ્યું કે-'દેવતાની આંખો પલકારા મારતી નથી, તેમના કંઠમાં રહેલી ફૂલની માળા-પુષ્પમાળા કરમાતી નથી, અને જમીનથી ચાર આંગળ ઊંચા રહે છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોહણીયા ચોરને પિતા સમક્ષ કરેલ પ્રતિજ્ઞાના પાલન સારુ શ્રી મહાવીરની વાણી નહોતી સાંભળવી છતાં પૂર્વે જોયું તેમ કાંટો કાઢવા જતાં એનો અમુક ભાગ સંભળાયો. શ્રોતાવૃંદમાંથી જે એક વ્યકિતએ એની પાછળ માણસ દોડાવ્યો તે અન્ય કોઇ નહીં પણ મંત્રીશ્વર અભયકુમાર પોતે જ હતા.

ભગવંત તો દેવ સંબંધી સ્વરૂપ વર્ણવી, વૈભારગિરિની દિશામાં વિહાર કરી ગયા. ઉપાસકોનો અતિ મોટો ભાગ નગરમાંના પોતાના આવાસે પાછો ફર્યો અને મંત્રીશ્વર જ્યાં પોતાના મહેલમાં આવી કપડાં ઉતારે છે ત્યાં મોકલેલા અનુચરે આવી નીચે મુજબ વાત રજૂ કરી.

સ્વામિન્! આપશ્રીની સૂચના પ્રમાણે ગુપ્તપણે હું પેલા ગૃહસ્થની પાછળ, પાછળ ઠેઠ શાલિપુર સુધી પહોંચ્યો. એક વેપારીના હાટે જઇ પેલો ગૃહસ્થ થોડીવાર બેઠો. વેપારી અને એની વચ્ચે થોડી વાતચીત થઇ જે હું કાંઇ સાંભળી શકયો નહીં, પણ છૂટા પડતાં પેલા વેપારીએ માથું ધુણાવી એની વાતમાં હા ભણી એટલું મેં દૂરથી જોયું. એ આદમી પાછો ફરી, આપણી આ વિશાળ નગરીમાં ધીમેથી કદમ ભરતો જ્યાં લાખોની લેવડદેવડ થાય છે એવા 'નાણાવટ' નામના લતામાં ગયો. આમતેમ આંટા મારતા એ આદમીની નજર ધનાવહ શેઠના પ્રાસાદ પર ચોંટી રહી-બીજા માળના ઝરૂખામાં એક ભૃત્ય થોડી વારે ડોકાયો-ઉભયની નજર મળી અને કંઇક સંકેત થયો. તરત જ પેલો આદમી પાછો ફર્યો અને ઝડપથી પગ ઉપાડતો, નગરીનો દરવાજો વટાવી, પાંચ ટેકરીઓની દિશામાં અદ્રશ્ય થઇ ગયો.

એ તરફ દુર્ગમ કેડીવાળી ગુફાઓ આવેલી હોવાથી મેં પીછો લેવાની હિંમત ન કરી અને જલ્દીથી પાછો ફરી આપને આ સમાચાર આપવા અહીં દોડી આવ્યો.

ભાઇ, પાછા આવવામાં તેં ડહાપણ વાપર્યું. આજે તું ઘણી મહત્ત્વની વાત જાણી લાવ્યો છું. એ આદમી નામીચો ચોર રોહિણીયો જ સંભવે છે. 'નાણાવટ'માં આજે રાતના જરૂર ખાતર પડવાનું. તકેદારી રાખી, આજે એને કોઇપણ હિસાબે પકડવો જોઇએ.

ઘેર જતાં નગરપાળને ખબર આપતો જા કે તેઓ મને મળી જાય. જે કંઇ સૂચનાઓ કરવી હશે તો હું તેમને કરી દઇશ. મારું હૃદય પોકારે છે કે-'આજે શિકાર આપણા હાથમાં સપડાવાનો.' પ્રજા એ મહાચોરના ત્રાસમાંથી છૂટવાની. ભગવંત મહાવીર દેવના પગલાંનો એ પ્રભાવ.

× × ×

દુર્ગપાલજી, કેમ શા સમાચાર છે? સિંહ કે શિયાળ?

અભયકુમાર મંત્રીશ્વરે પ્રભુપૂજન કરી આવી, બેઠકના ખંડમાં વસ્ત્ર બદલતાં પ્રશ્ન કર્યો.

આપશ્રીના કહેવા મુજબ બંદોબસ્ત કરેલ. વળી આપે જણાવેલ ચિન્હો પરથી એ આદમી જ નામીચો ચોર છે છતાં પુરાવો મળતો નથી અને એ પોતાને શાલિપુરવાસી વણિક દુર્ગચંદ્ર તરીકે ઓળખાવે છે. ધનાવહ શેઠના મકાનમાં એ જે રીતે ઘુસ્યો એ કોઇ વણિકને છાજે તેવી નહોતી, પણ મકાનના એક નોકરની નજરે સૈનિકોની ચોકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચઢવાથી. થોડા સમયમાં એ આદમી કંઇપણ લીધા વિના પાછો ફર્યો, અને એને વિદાય આપતાં પેલા નોકરે કહ્યું–દુર્ગચંદ્રભાઇ, જાળવીને જજો. મારા કુશળ સમાચાર કહેજો. આમ છતાં અમે તેને પકડી લીધો અને શાલિપુરમાં તપાસ કરાવી તો માલમ પડ્યું કે–દુર્ગચંદ્ર વણિક બપોરના અહીંથી ગયા પછી પાછા ફર્યા નથી. એ અમારો ઓળખીતો પાડોશી છે. નજિકમાં એનું રહેઠાણ પણ બતાવવામાં આવ્યું.

મંત્રીશ્વર હાસ્ય કરતાં બોલ્યા–દુર્ગપાળજી, ચોર ઘણો જ હોશિયાર અને પાકો છે. એ આપણને જરૂર હાથતાળી આપી ગયો છે. પુરાવા વિના કે સાક્ષી વિના એને હેડમાં ન તો રાખી શકાય કે ગુનેગાર ઠરાવી શકાય. તમો એને એક સુંદર આવાસમાં કે જ્યાં દિવાલો પર સ્વર્ગના ચિત્રો હોય, અને આરામ અંગેના મનોહર સાધનો હોય ત્યાં લઇ જાવ, મદિરાનું પાન કરાવો, શોભીતા પલંગ પર સુવાડો અને જ્યારે એ ઘેનમાંથી જાગ્રત થાય ત્યારે કર્ણપ્રિય વાજિંત્રો વગડાવો. સૈનિકમાંથી બે ત્રણ ચાલાક માનવીઓને દેવતાઇ વેશ પહેરાવો. પછી તેમને ત્યાં મોકલો અને એમાંના એકને શિખવાડો કે એ પલંગ પાસે જઇ હાથ જોડી પૂછેઃ

હે ભાગ્યવાન ! આપ આ દેવલોકમાં આવ્યા તો આગળના અવતારમાં કયા કયા પુન્યના કામો કર્યાં હતાં એ અમને કહો. આમ કરવાથી એ ભ્રમમાં પડી, તીવ્ર મદિરાના ઘેનમાં જે કંઇ પોતાનો વ્યવસાય હશે તે લવી જશે. એની પાકી નોંધ કરી લેજો. એના જોરે આપણે તેને ગુનેગાર પુરવાર કરી શકીશું.

બુદ્ધિનિધાન મહામંત્રીની સલાહ મુજબ ત્રાગડો રચવામાં આવ્યો. સુરાપાનની અસરમાંથી મુક્ત થતાં દેવતાઇ પ્રશ્ન પૂછાયો—

રોહિણીયો ભવનની સજાવટ જોતાં, પોતે ખરેખર દેવલોકમાં બેઠો છે અને સામે ઉભેલ એકાદો દેવ સવાલ પૂછી રહ્યો છે એવા ભ્રમમાં પડ્યો પણ ખરો. મનોમંથન શરૂ થયું ત્યાં એકાએક એની નજર માળાના કરમાયેલા ફૂલો પર પડી, અને ધારીને પ્રશ્નકાર દેવના નેત્રો જોયા પછી પગ તરફ દૃષ્ટિ ફેરવી. કંઇક નિશ્ચય કરી એ કહેવા લાગ્યો—

મેં આગળના ભવમાં ગરીબોને હજારોના દાન દીધા છે. પવિત્ર જીવન ગાળ્યું છે. જીવહિંસાથી મારી જાતને બચાવી છે. નીતિના માર્ગે આજીવિકા ચલાવી છે. દેવભવ પ્રાપ્ત કરવામાં આ કાર્યો મુખ્ય છે.

આ નોંધ જ્યારે મંત્રીશ્વરના હાથમાં આવી ત્યારે ઘડીભર એ પણ સ્તબ્ધ બની ગયા. દાવ ખેલવામાં ઓછી બુદ્ધિ નહોતી લડાવી, છતાં આ ચોરે એને પણ નિષ્ફળ બનાવી દીધી ! મહામાત્યનું અંતર પોકારી ઉઠ્યું કે–ચોર છે છતાં દક્ષ અને ભાગ્યવાન્ છે. એવાને તો પ્રેમભાવે જ જીતી શકાય. તેની પાસે જાતે પહોંચવું ઘટે.

પેલા સ્વર્ગીય ભુવનમાં ખુદ અભયકુમાર જાતે પહોંચ્યા અને જ્યાં પલંગ નજિક ખડા થયા ત્યાં તો પલંગમાં બેઠેલા ચોરે ઊભા થઇ, હાથ જોડતાં ઉચ્ચાર્યું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહો મહામંત્રી ! આપ પણ આ દેવભવનમાં આજે જ આવ્યા ? ધન્ય છે આપની બુદ્ધિમત્તાને ! પણ એથી વધુ ધન્યવાદ તો બીજી એક મહાવિભૂતિને ઘટે છે કે જેમના શબ્દો સાંભળવા એ મારે મન મહાન્ પાપ હતું, તેમના જ થોડા હરફોએ આજે મારું જીવન ઉજાળ્યું.

મહાશય ! હું પોતે જ રોહણીઓ ચોર છું. જાતે કબૂલાત આપું છું કે મેં રાજગૃહ અને આસપાસના પ્રદેશમાં સંખ્યાબંધ ધાડ પાડી હજારોને ઘરબાર વગરના બનાવ્યા છે. એ વૃત્તિથી રક્ષકોની આંખમાં ધૂળ નાંખી અઢળક ધન એકઠું કર્યું છે. એ પાપનો ભાર એટલો વધી પડયો હતો કે એમાંથી આજે હું છટકી શકત નહીં. આપની યુક્તિમાં આબાદ ફસાઇ જાત શૂળીના માંચડે ચઢી માનવ જીવન એળે ગુમાવત પણ ભગવંતશ્રી મહાવીર દેવના વચને સ્વાતિબિન્દુની ગરજ સારી. માછલીના પેટમાં સ્વાતિ નક્ષત્રમાં વરસેલું જળબિન્દુ જેમ સાચું મોતી થાય છે તેમ એ **મહામાહન**ના વાક્યે મારો જીવનરાહ સુધાર્યો. બાપે તો પ્રતિજ્ઞા કરાવી હતી કે એમની વાણી સાંભળીશ નહીં. એના પાલન અર્થે મેં મારા અર્હદ્દાસ મિત્રને થાપ આપી ન સાંભળવાનો નિયમ પાળ્યો હતો, પણ કાંટો વાગ્યો અને દેવસ્વરૂપ અંગેના શબ્દો કાને પડ્યા. એની યાદે જ મેં આપની આ રચનાના ભ્રમમાં પડ્યા વિના સમયને ઉચિત નોંધ કરાવી. એ મહાશ્રમણના દર્શન ટાણે અને ચોરીનો દાવ નિષ્ફળ જતાં જોશીએ આપેલ મુહૂર્તમાં મને દોષ દેખાયો હતો હવે સમજાય છે કે-આ શુકન તો અતિ રૂડા ગણાય. મેં નિશ્ચય કર્યો છે કે—

કયાં તો ગુનાઓની શિક્ષારૂપે મળતી શૂળી ઉપર એ મહાપ્રભુનું નામ રટણ કરતા હસતા મુખડે મરવું; કદાચ ન્યાય મને છોડી મૂકે તો હવે પછીનું શેષ જીવન એ ભગવંતના ચરણમાં વ્યતીત કરવું. જે પાપરાશિ સંચર્યો છે એ પશ્ચાત્તાપદ્વારા ઓછો કરવો.

મંત્રીશ્વર બોલ્યા-મારું અનુમાન સત્ય ઠર્યું. જ્ઞાની વચન સાચું જ છે કે-' કમ્મે શૂરા તે ધમ્મે શૂરા ' સ્વાતિનું પાન કરનારને મરણ મળતું નથી પણ પ્રભુના ચરણ મળે છે.

---

**क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-**
**द्यातासि तत्परभवे किमिदं गृहीत्वा ।**
**तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,**
**भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥**

તારી પાસે દ્રવ્ય છે, છતાં પણ તું સાત ક્ષેત્રોમાં વાપરતો નથી ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઇ જવાનો છો ? વિચાર કર કે-પૈસા મેળવવા વિગેરેથી થયેલા પાપસમૂહથી થનારાં નારકીના દુઃખોથી તારો મોક્ષ( છૂટકારો ) કેમ થશે ?

For Private And Personal Use Only

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( ગત વર્ષના પૃષ્ઠ ૨૪૭ થી શરૂ )

( લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. )

આમ જ્યારે પાતકઘાતક સાધુનો–સાધુચરિત સત્પુરુષનો પરિચય થાય, ચિત્તમાંથી અકુશલ અપચય થાય–અશુભ ભાવ દૂર થઈ ભાવમલની અલ્પતા થાય, નય–હેતુપૂર્વક અધ્યાત્મ ગ્રંથનું શ્રવણ, મનન ને પરિશીલન થાય, અને જ્યારે તેવા સત્સમાગમથી જીવને પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય ત્યારે તથાભવ્યત્વનો પરિપાક થયે અર્થાત્ આત્મપરિણામની શુદ્ધતારૂપ આંતરશુદ્ધિવડે આત્માની તથારૂપ યોગ્યતા પરિપાક પામ્યે, ચરમાવર્ત્તમાં આવેલો જીવ ચરમકરણવડે અપૂર્વ પુરુષાર્થની સ્ફૂરણા કરીને અપૂર્વ ભાવ–ઉલ્લાસને પામે, અને ત્યારે જીવના ભય, દ્વેષ, ખેદ એ આદિ અંતર્ગત દોષ ટળી યોગની પ્રથમ દૃષ્ટિ–મિત્રા દૃષ્ટિ ખૂલે, 'દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે ભલી રે,' અને ત્યારે જ જીવને અભય–અદ્વેષ–અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાની પ્રાપ્તિ થાય. આવી કારણપરંપરાનું કથન કરી હવે મહાગીતાર્થ મહાત્મા **આનંદઘનજી**, અર્થાન્તર ન્યાસથી (Corroboration by general statement) સર્વસામાન્ય નિયમનો ઉપન્યાસ કરે છે—

**કારણ જોગે હો કારજ નીપજે, એમાં કોઈ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધિયે, એ નિજ મત ઉન્માદ.**
**સંભવ દેવ તે ધુર સેવો સવે રે.**

**અર્થઃ**—કારણના યોગે કરીને કાર્ય નીપજે છે, એ બાબતમાં કોઈ વાદ નથી, પણ કારણ વિના જે કાર્ય સાધવાની વાત કરવી, તે તો પોતાના મતનો ઉન્માદ જ છે.

## વિવેચન

**" જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;**
**મિલતાં કારજ નીપજે રે, કર્ત્તાતણે પ્રયોગ...**
**અજિત જિન! તારજો દીનદયાળ! "— શ્રી દેવચંદ્રજી**

**પાંચ સમવાય કારણ**

જે જે કાર્યનું જે જે કારણ હોય છે, તે તે સ્વ કારણકલાપનું સંમિલન થયે, સમગ્ર સામગ્રીનો સંયોગ મળ્યે, તે તે કાર્ય તેના કર્ત્તાના પ્રયોગે કરીને સિદ્ધ થાય છે, એ નિર્વિવાદ વાત છે. પણ કારણ વિના જે કાર્યની નિષ્પત્તિ થાય એમ કહેવું તે તો મૂળ વિના વૃક્ષની ઉત્પત્તિ જેવું હોઈ નિજ મતનો ઉન્માદ જ છે, અર્થાત્ ગ્રહાવિષ્ટ મનુષ્યના ઉન્મત્ત પ્રલાપની જેમ તે મતાભિનિવેશથી ઉદ્ભવતો ઉન્મત્ત–પ્રલાપ જ છે. કારણ કે કોઈ પણ કાર્ય કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ એ પાંચ સમવાય કારણ (Federation of causal factors or Actiology) મળ્યે થાય છે. તેમ જીવની પ્રથમ યોગદૃષ્ટિ (મિત્રા દૃષ્ટિ) ખૂલી તેને અભય–અદ્વેષ–અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકાની પ્રાપ્તિ પણ યથોક્ત પાંચ સમવાય કારણના સંયોગથી હોય છે, કારણ કે ઉપરમાં વિવરીને બતાવ્યું તેમ જ્યારે ચરમાવર્તરૂપ કાળ પ્રાપ્ત થાય, તથાભવ્યત્વરૂપ જીવના નિયતિ સ્વભાવનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિપાક થાય, અમુક પ્રતિબંધક કર્મનો અપગમ થઈ ચરમકરણની પ્રાપ્તિથી અપૂર્વ આત્મ પુરુષાર્થની સ્ફૂરણા થાય અને પાતકઘાતક સાધુનો પરિચય તથા અધ્યાત્મ ગ્રંથના શ્રવણ, મનનાદિ સત્પુરુષાર્થનું જીવ સેવન કરે ત્યારે જીવના અંતર્ગત દોષ ટળી આધ્યાત્મિક યોગદૃષ્ટિ ઉઘડે ને અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય.*

**પુરુષાર્થનું પ્રાધાન્ય**

આ પાંચ કારણકલાપમાં પુરુષાર્થ મુખ્ય છે, પુરુષાર્થનું પ્રાધાન્ય છે, પુરુષાર્થની સ્ફુરણા થતાં ઇતર કારણોની પ્રાપ્તિ પણ સુલભ થાય છે. આખો માર્ગ જીવના પુરુષાર્થને આધીન છે ને તે પુરુષાર્થ પણ પુરુષને ( આત્માને ) પોતાને સ્વાધીન છે. જીવ જેવા ભાવે પરિણમવા ધારે તેવા ભાવે પરિણમી શકવાને તે સમર્થ છે. રાગાદિ વિભાવભાવે પરિણમે તો તે કર્મનો કર્તા હોય છે ને જ્ઞાનાદિ સ્વભાવભાવે પરિણમે તો તે જ કર્મનો હર્તા હોય છે. એ વિભાવ ભાવરૂપ ભાવ કર્મપરિણામે નહિ પરિણમવાની બ્રેક( Brake ) દબાવવારૂપ પુરુષાર્થની રહસ્ય ચાવી ( Master-key ) પુરુષના ( આત્માના ) પોતાના ગજવામાં જ છે. તાત્પર્ય કે-જીવ પરભાવ નિમિત્તે રાગ-દ્વેષ-મોહ ન કરે, વિભાવભાવે ન પરિણમે તો મોક્ષ હથેળીમાં જ છે. આમ કર્મનિબદ્ધ આત્માના ( પુરુષના ) પુરુષાર્થનો માર્ગ સદાય સાવ ખુલ્લો પડ્યો છે. ભવસ્થિતિ આદિ ખોટા બ્હાના છોડી દઈ જીવ સત્ય પુરુષાર્થ કરે એટલી જ વાર છે. ' પાંચમો આરો કઠણ છે ' તેથી કાંઇ લાંબા થઇને સૂઇ રહેવું એવો અર્થ નથી, પણ ઓર વિશેષ જાગતા રહી અપૂર્વ પુરુષાર્થ બળ કેળવવા યોગ્ય છે એ જ પરમાર્થ ઘટાવવા યોગ્ય છે. કારણ કે જ્ઞાની પુરુષનો ઉપદેશ કદી પણ પુરુષાર્થહીનતા પ્રેરે જ નહિં, પુરુષાર્થની જાગ્રતિ જ પ્રેરે. જ્ઞાનીઓ કહે છે કે-જીવ પુરુષાર્થ સ્ફુરાવે તો અનંત કાળના કર્મને પણ એક જ ભવમાં-અરે ! એક અંતર્મુહૂર્તમાં નષ્ટ કરવાનું સામર્થ્ય આત્મામાં છે. માત્ર આત્મા ઊઠવો જોઇએ. શ્રીમદ્ રાજચંદ્રજીએ વીરગર્જના કરી છે તેમ ' જબ જાગેંગે આતમા, તબ લાગેગે રંગ. ' એવી જ પુરુષાર્થ-પ્રેરક ગર્જના તેમણે આત્મસિદ્ધિમાં કરી છે:—

**" જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિં આત્માર્થ. " શ્રી આત્મસિદ્ધિ**

કર્તા વિના કર્મ હોવ નહિં, એટલે કાર્યસિદ્ધિ કર્તાને ( પુરુષને ) વશ છે, અને સર્વ કારણ પણ તેને સ્વાધીન છે. એટલા માટે જ આ વિવેચનના મથાળે ટાંકેલા સુભાષિત પદમાં ભાવિતાત્મા મહાત્મા દેવચંદ્રજીએ ' કર્ત્તાતણે પ્રયોગ ' એ સૂચક વચનપ્રયોગ કર્યો છે. તે જ મહામુનિ અન્યત્ર વદે છે કે—

**" કર્ત્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી,**
**કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી.**
**પ્રણમો શ્રી અરનાથ શિવપુર સાથ ખરોરી. "**

---

* આ બધુંય સવિસ્તર સમજવા માટે જુઓ મેં વિવેચન કરેલ **યોગદૃષ્ટિસમુચ્ચય** પૃ. ૧૭૦ તથા આકૃતિ ૭ આદિ. અત્રે તો પ્રકૃતમાંથી કિંચિત્ સંગત ભાગ સંક્ષેપમાં મૂક્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ કર્તા કારણના યોગે કાર્યસિદ્ધિ પામે છે, માટે કાર્યાર્થી હોય તે અનુપમ એવા આ ચાર કારણ ગ્રહે—ઉપાદાન, નિમિત્ત, અસાધારણ અને અપેક્ષા. ( ૧ ) જે કારણ છે તે જ પૂર્ણતા અવસરે કાર્ય બને તે ઉપાદાન કારણ. જેમકે–માટી છે તે ઘટમાં ઉપાદાન કારણ છે. ( ૨ ) ઉપાદાનથી જે ભિન્ન–જુદું છે, અને જેના વિના કાર્ય થાય નહિં તેમજ જે પોતે કાર્યરૂપ હોય નહિં તે નિમિત્ત કારણ છે. જેમકે–ઘટની બનાવટમાં ચક્ર–દંડાદિક આ નિમિત્તનું કારણપણું કર્તાના વ્યવસાયે કરીને છે અર્થાત્ કર્તા તેના પ્રયોગવડે ઉપાદાન કારણને કાર્યરૂપે કરતો હોય ત્યારે જ ઘટે છે, નહિં તો નહિં. ( ૩ ) વસ્તુથી–ઉપાદાન કારણથી જે અભેદ સ્વરૂપ છે. જેમકે–ઘટની બનાવટમાં સ્થાસ આદિ અવાંતર અવસ્થાઓ ( Intermediate products ). ( ૪ ) જેનો વ્યાપાર–પ્રયોગ કરવો પડતો નથી, જે વસ્તુથી ભિન્ન છે, જે નિયત નિશ્ચય હોવું જોઇએ અને બીજા અનેક કાર્યોમાં પણ જેનું હોવાપણું છે, તે અપેક્ષા કારણ. જેમકે–ઘટની બનાવટમાં ભૂમિ, કાલ, આકાશ આદિનો સદ્ભાવ છે. આ કાર્યકારણમીમાંસા આત્મામાં ઘટાવીએ તો–આત્મ દ્રવ્ય તે કર્તા છે, સિદ્ધિપણું તે કાર્ય છે, આત્મા નિજસંગત ધર્મ તે ઉપાદાન છે. યોગ, સમાધિવિધાન, વિધિઆચરણા, ભકિત આદિ જેનાવડે કરીને આત્માસિદ્ધિરૂપ નિજ કાર્ય સધાય છે તે અસાધારણ કારણ છે.

**કર્તા અને ચાર કારણ**

મનુષ્ય ગતિ, પ્રથમ સંઘયણ આદિ અપેક્ષા કારણ છે, અને તે નિમિત્તાશ્રિત ઉપાદાન પ્રગટાવવામાં આવે તો જ લેખે છે અર્થાત્ તેની અપેક્ષા કારણરૂપે ગણના છે, નહિં તો નહિં. સમતા અમૃતની ખાણરૂપ જિનરાજ તે નિમિત્ત કારણ છે,—જે પ્રભુના અવલંબને નિયમા સિદ્ધિ હોય છે એમ કહ્યું છે.

> " કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિપણોરી,
> નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી–પ્રણમો શ્રી અરનાથ.
> નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી,
> પ્રભુ અવલંબન સિદ્ધ, નિયમા એહ વખાણી–પ્રણમો શ્રી અરનાથ. "
>
> —શ્રી દેવચંદ્રજી.

આ ચાર કારણમાં અપેક્ષા કારણનો નિમિત્તમાં અને અસાધારણ કારણનો ઉપાદાનમાં અંતર્ભાવ થઇ શકે છે, એટલે નિમિત્ત અને ઉપાદાન એ બે મુખ્ય કારણ છે, અને તેનો પરસ્પર સાપેક્ષ સંબંધ બરાબર સમજી લેવા યોગ્ય છે. ઉપાદાનરૂપ આત્મા પોતે ઉપાદાન કારણપણે ન પ્રગટે ત્યાં સુધી કાર્યસિદ્ધિરૂપ વસ્તુસ્વરૂપ પ્રગટતું નથી, અને ઉપાદાન કારણ પણ નિમિત્તકારણ વિના પ્રગટતું નથી. અર્થાત્ કર્તાના પ્રયોગે નિમિત્ત કારણના અવલંબન–ઉપકારથી ઉપાદાન ઉપાદાનપણે પરિણમે છે અને તેથી જ કાર્યસિદ્ધિ થાય છે. વળી ઉપાદાન કારણપણું ન થતું હોય તો નિમિત્તનું નિમિત્ત કારણપણું પણ રહેતું નથી, અર્થાત્ નિમિત્ત નિમિત્તકારણ કહેવાતું નથી. જ્યારે તથારૂપ ઉપાદાન કારણ પ્રગટતું જતું હોય, ત્યારે જ તે ખરેખરું નિમિત્ત કારણ કહેવાય છે, નહિં તો નહિં. આમ કર્તા

**ઉપાદાન અને નિમિત્ત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે કાર્યરુચિ થઇ કાર્ય કરવા પ્રવર્ત્તે-પુરુષાર્થ કરે અને શુદ્ધ પુષ્ટ નિમિત્ત કારણનો વિધિપૂર્વક આશ્રય કરતો રહી, ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવતો જાય તો કાર્યસિદ્ધિ થાય; નિમિત્ત અને ઉપાદાનના સહકાર-સહયોગથી જ કાર્ય નીપજે.

**ઉપાદાન ઉપાદાન પરિણતિ નિજ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધીન**
**પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ આધીન—મુનિસુવ્રત.**

**ઉપાદાન આતમા સહી રે, પુષ્ટાલંબન દેવ—જિનવર પૂજો;**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ—જિન૦ શ્રી સંભવ૦ શ્રી દેવચંદ્રજી.**

દાખલા તરીકે—ઘડો બનાવવામાં માટી છે તે ઉપાદાન છે, પણ દંડ, ચક્ર વગેરે નિમિત્ત ન મળે તો તે એના મેળે ઉપાદાન કારણપણે પરિણમે નહિં અને માટીમાંથી ઘડો કદી પણ બને નહિં. તેમ જીવનો નિજ સત્તાગત ધર્મ તે ઉપાદાન છે. નિજ સત્તાએ સર્વ જીવ સિદ્ધ સમા છે, પણ તે શક્તિથી છે. ઉપાદાનની વ્યકિત માટે-પ્રગટપણા માટે અર્થાત્ ઉપાદાન ઉપાદાન કારણપણે પરિણમે તે માટે તો નિમિત્ત કારણની અવશ્ય જરૂર છે. જેનામાં શુદ્ધ આત્મારૂપ ઉપાદાન પ્રગટયું છે. એવા જિન ભગવાનરૂપ પુષ્ટ નિમિત્ત કારણ વિધિપૂર્વક ન સેવે તો અનંતકાળે પણ કદી સિદ્ધિ થાય નહિં, ઉપાદાન પ્રગટે નહિં તેમજ ઉપાદાનનું દુર્લક્ષ્ય કરી માત્ર નિમિત્ત સેવ્યાથી પણ કાર્યસિદ્ધિ થાય નહિં. બન્નેના સહકારથી જ સિદ્ધિ નીપજે પણ ઉપાદાનનું નામ લઈ જે એ નિમિત્ત છોડી દીએ, તેઓ સિદ્ધિ પામતા નથી ને ભ્રાંતિમાં ભૂલા ભમે છે. આ અચલ સિદ્ધાંત જ્ઞાની પુરુષોએ કહ્યો છે. સદ્ગુરુની આજ્ઞા, જિનદશા એ આદિ નિમિત્ત કારણ છે, તે સેવ્યા વિના આત્મજાગ્રતિ આવે નહિં. આ અંગે પરમતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

**" સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.**
**ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;**
**પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. "—શ્રી આત્મસિદ્ધિ**

આ ગાથાનો અર્થ સ્પષ્ટ કરતાં શ્રીમદ્ સ્વયં વદે છે કે—" સદ્ગુરુ આજ્ઞા આદિ તે આત્મસાધનના નિમિત્તકારણ છે, અને આત્માનાં જ્ઞાનદર્શનાદિ ઉપાદાન કારણ છે; એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેમ ઉપાદાનનું નામ લઇ જે કોઇ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચું નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચું નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું અને પુરુષાર્થ રહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે. "

—**શ્રીમદ્ રાજચંદ્રજી** (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन योगीराज आनंदघनजी के दो महत्त्वपूर्ण उल्लेख ।

( श्री अगरचंदजी नाहटा )

श्वेतांबर जैन समाज में श्रीमद् आनंदघनजी योगीराज व परम संत के रूप में सर्वत्र प्रसिद्ध है। उनके चौवीशी एवं पदों के प्रति करीब ३०० वर्षों से बड़ा आदरभाव नजर आता है। आप के समकालीन विद्वत्शिरोमणि यशोविजयजीने आपकी चोवीशी पर बालावबोध रचने का उल्लेख मिलता हैं पर अभी तक उस की प्रति कहीं से भी उपलब्ध नहीं हुई। उसके मिलने पर सचमुच ही श्रीमद् के उच्च भावों को समझने में बड़ी सुगमता उपस्थित होगी। अभी चैावीशी पर श्री ज्ञानविमलसूरिजी एवं ज्ञानसार के बालावबोध ही उपलब्ध हैं जिन में प्रथम १८ वीं के उत्तरार्द्ध में एवं दूसरा सं. १८६६ कृष्णगढ में रचा गया है। प्रथम बालावबोध साधारण है। उस में श्रीमद् के भावों का भलीभांति प्रकाशन नहीं हो सका। ज्ञानसागरजीने बालावबोध ३७ वर्ष के मनन के बाद लिखा है और वह बहुत ही उत्तम है। श्रावक भीमसी माणकने इसको साररूप में प्रकाशित किया है। मूलतः यह ३८०० श्लोक परिमित हैं। जिसका प्रकाशन होना अभी अपेक्षित है। गत वर्षों में चौवीशी पर कई विद्वानोंने विवेचन लिखे हैं जिन में श्री माणकलाल के कृत अर्थ सत्श्रुतप्रचारक मंडल-खंभात से प्रकाशित हो चूका है। श्रीमद् राजचंद्र एवं पूज्य संतप्रवर सहजानंदजीने १-२ स्तवनों पर विवेचन लिखा है वह बहुत ही सुन्दर है। यदि ये पूरा लिखपाते तो बहुत सुन्दर होता। सहजानंदजी अभी तो अपनी साधना में लयलीन हैं अतः फिर अनुरोध कर के लिखाने का प्रयत्न किया जायगा।

चौवीसीका पं. प्रभुदास बेचरदासकृत विवेचन हाल ही में प्रकाशित हुआ है और मान्यवर मोतीचंद गिरधरलाल कापडिये का विवेचन संभवतः छप रहा है। जयपुर के श्री उमरावचंदजी जरगड़ ने हिन्दी में भावार्थ लिखा है। उनका विचार विस्तार से विवेचन प्रकाशित करने का है पर अपने जवाहरत के धन्धों में समय नहीं निकाल पाते, अतः वह पूरा नहीं हो पाया। डो. भगवानदास मनसुखभाई का विवेचन जैन धर्मप्रकाश में क्रमशः छप ही रहा है। यह बहुत विस्तार से लिखा गया प्रतीत होता है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इसी प्रकार श्रीमद् आनंदघनजी* के पदों पर ज्ञानसारने बालावबोध लिखा था जिनमें १३ पदों का ही हमें उपलब्ध हुआ उसे हम ज्ञानसार ग्रन्थावलि में छपा चुके हैं और वह शीघ्र ही प्रकाशित होनेवाला है। इस शती में श्री मोतीचंद गिरधर कापडिया एवं बुद्धिसागरसूरिजी का समस्त पदों का पूरा विवेचन प्रकाशित हो ही चुका है। इसमें कापडियाजी के विवेचन का प्रथम भाग बहुत वर्षों पूर्व छपा था। उसके बाद का भाग जैनधर्म प्रकाश में कई वर्षों तक निकलता रहा जो संभवतः ग्रन्थ के रूप में अब छप रहा है। गोविंदजी मूलजी महेयानी के रजिस्टर में हमें ३४ पदों का विवेचन स्व. देशाई के संग्रह से मिला है।

इतना सब होने पर भी आनंदघन के जीवनचरित्र के सम्बन्ध में निश्चित रूप से हमें बहुत ही कम ज्ञात है। कई वर्षों से मेरे हृदय में यह बात विशेष रूप से खटक रही थी कि उनके समकालीन व्यक्तियों में से किसीने भी उनका कहीं नामोल्लेख तक नहीं किया यह बहुत ही आश्चर्य की बात है।

मानव स्वभाव की यह कमजोरी तो सदा से रही है कि विद्यमान पुरुष को वह उतना महत्व नहीं देता जितना उसके स्वर्गवासी होने के बाद दिया जाता है। इसी कारण विशेषरूप से तो समकालीन उल्लेख नहीं भी मिले, क्योंकि एसे संत पुरुष एकान्त गुप्त रहेना ही अधिक पसंद करते हैं, एवं प्रसिद्धि में आना नहीं चाहते। साधारण व्यक्तियों को उनका महत्त्व विदित नहीं होता और विद्वान् अपने अहं के कारण उचित मूल्यांकन नहीं करपाते। फिर भी श्रीमद् का कुछनकुछ तो कहीं उल्लेख मिलना ही चाहिये। कहा जाता है कि उपाध्यायाय यशोविजयजी उनसे मिले थे और उनकी स्तुतिरूप अष्टपदी की रचना की थी पर ईस रचना से इसकी स्पष्टता नहीं होती, आभास मात्र ही मिलता है, जो अन्य कारण से भी संभव है। पं. प्रभुदासजी ने भी अष्टपदी से यशोविजयजी के आनंदघन का मिलन सिद्ध न होने का भाव प्रगट किया है। यथा—

" श्री उपाध्यायजी महाराज जेवाने तेमना तरफ मान होय अने एवा समर्थ

* पदों में काफी सेलमेल हुआ है। इसके सम्बन्ध में हमारे कई लेख श्री वीरवाणी, संतवाणी पत्रो में प्रकाशित हो चुके हैं। श्री दिपचंदजी रचित १५६ का बालावबोध भी मैंने वीरवाणी में प्रकाशित कर दिया है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानी प्रत्ये श्रीआनंदघनजी महाराजनी वात्सल्यता होय ए बन्नेय संभवित छे छतां, उपाध्यायजी महाराजनी अष्टपदी श्री आनंदघनजी महाराज की स्तुतिरूप होय, एम हजु मारुं मन कबूल करतुं नथी। परन्तु आत्मारूप आनंदघनना ज कोई आध्यात्मिक स्वरूपनुं ज तेमां वर्णन मने भासे छे. पछी शब्दश्लेषथी कदाच आनंदघनजी महाराजनी स्तुति होय तो कोण जाणे ? पण मने हजु ए भास थतो नथी, मारी समझनी पण भूल होय परन्तु स्तुतिनुं स्वरूप ए भास उत्पन्न करतुं नथी, छतां ज्ञानी परमात्मा जाणे।"

श्रीमद् आनन्दघनजी का नाम लाभानंदजी था यह श्रीमद् देवचंद्रजी के प्रश्नोत्तर ग्रन्थादि से सिद्ध है। उनका निवास मेडते में विशेष होने का भी प्रवाद है। वहाँ उनके नाम उपाश्रय होने का भी कहा गया है, जिसके खरतरगच्छीय होने से बहुश्रुत श्रीजिनकृपाचंद्रसूरिजी का कहना था कि श्रीमद् आनंदघनजी खरतरगच्छ के थे। मैं वर्षों से प्रयत्न में था कि इस प्रवाद की प्रमाणिकता के लिये कोई समकालीन निश्चित उल्लेख मिलजाय तो ठीक है। बडे ही हर्ष की बात है कि इस बार जेसलमेर जाने पर मुनि पुण्यविजयजी के जैन लेखनकला ग्रन्थ में रखा हुआ १ पत्र ऐसा मिला है जिससे इसकी पुष्टि ही है।

यह पत्र सूर्यपुरी में स्थित खरतरगच्छीय जिनरत्नसूरि के पट्टधर जिनचंद्रसूरि को मेडता से पाठक पुण्यनिधान जयरंग, तिलोकचंद एवं चारित्रचंद्रादि ने दिया है। पत्र संस्कृत भाषा में ( १३ श्लोको में ) लिखा गया है और उसके बाद कई समाचार लोकभाषा में लिखे गये हैं। उनमें महत्वपूर्ण उल्लेख इस प्रकार है.

" पं. सुगणचंद्र अष्टसहस्री लाभाणंद आगइ भणइ छइ, अर्द्ध रह टाणइ भणी। घणुं खुशी हुई भणावइ छइ ॥ "

पत्र देनेवाले पुण्यकलश, जयरंगादि के गुरु थे। जयरंगजी के रचित दशवैकालिक सज्झायें आदि रचनायें सं. १७०० से १७३९ तक की उपलब्ध है। पत्र में संवत का उल्लेख नहीं मिलता, केवल तिथि आश्विन शुक्ला १३ लिखी हुई हैं। अतः संवत का पता लगाना आवश्यक हैं। संवत का पूरा निर्णय के लिये वो निश्चित साधन्त तो नही मिला पर संवत का अनुमान किये जा सकने के साधन इस प्रकार है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पत्र में जिस सुगणचंद को लाभाणंदजी के अष्टसहस्री पढाने का उल्लेख हैं। उन सुगणचंद की दीक्षा "दीक्षानंदी की सूचीं" अनुसार सं. १७१२ के ज्येष्ठ में जिनचंद्रसूरि के पास राजनगर में (पत्र में उल्लिखित तिलोकचंद चारित्रचन्द्रादि के साथ) हुई थी और अष्टसहस्री जैसे ग्रंथ पढने की योग्यता के लिये कम से कम ५-६ वर्ष और अपेक्षित हैं। अतः पत्र १७१९ के लगभग का होना संभव हैं। पत्र में उल्लिखित सूर्यपुरी सुरत ही होना संभव हैं और दीक्षानंदीसूची के अनुसार जिनचंद्रसूरि का सं. १७१९ के ज्येष्ठ यदि १३ तक सुरत में रहना था इससे उपर्युक्त पत्र का लेखन सं. १७१९ में ही होना संभव है।

प्रस्तुत पत्र में "लाभाणंद" शब्दसामान्यरूप से उल्लिखित है। इस के कारण यही संभव है कि वे पुण्यकलशजी से दीक्षा में छोटे थे। उस समय यति समाज में अध्ययन प्रायः अपने-अपने गच्छवालों से ही किया जाता था। अतः आनंदघनजी के खरतरगच्छीय होने के कथन की इससे पुष्टि होती है। वैसे महापुरुष जिस किसी गच्छ में होंवे सर्वमान्य होते है।

---

## આત્મ-કાન્તિ જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન

અત્રેની **શ્રી જૈન આત્માનંદ સભાએ** તેમના મકાનની સાથોસાથ નૂતન ચણાવેલા મકાનમાં જ્ઞાનમંદિરની યોજના કરી છે અને તેને "**શ્રી આત્મ-કાન્તિ જ્ઞાનમંદિર**" એવું નામાભિધાન આપવામાં આવ્યું છે. આ જ્ઞાનમંદિરના ઉદ્ઘાટન અંગે પંજાબકેશરી આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરિજીને** પાલીતાણાખાતે વિજ્ઞપ્તિ કરવામાં આવતાં તેઓશ્રી સપરિવાર અત્રે માગશર વદ ૭ ને બુધવારના રોજ પધાર્યા હતા. બપોરના ત્રણ કલાકે ઉદ્ઘાટન-સમારંભ શરૂ થયો હતો અને પ્રાસંગિક પ્રવચનો, જ્ઞાનપૂજન ઇત્યાદિ કાર્યો સારા થયા હતા. વદિ આઠમને દિવસે જ્ઞાનમંદિરમાં પૂજા ભણાવવામાં આવી હતી.

---


## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

### [ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્ર કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧-૪-૦ પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

## ખેદકારક સ્વર્ગવાસ

### શેઠ નટવરલાલ અમૃતલાલ

ભાવનગરનિવાસી બંધુ નટવરલાલ અમૃતલાલ શેઠ ૩૫ વર્ષની ભરયુવાનવયે પોસ વદિ પાંચમ ને ગુરુવારના રોજ બપોરના ત્રણ કલાકે સ્વર્ગવાસી થયા છે. સદ્ગત સ્વભાવે મિલનસાર, હસમુખા અને બહોળું મિત્રમંડળ ધરાવતા હતા. અત્રેની સુખડીયા જ્ઞાતિના અગ્રેસર શેઠ અમૃતલાલ છગનલાલના તેઓ પુત્ર થાય, અને જ્ઞાતિ-હિતના કાર્યમાં સારો રસ ધરાવતા હતા. આપણી સભાના લાઇફમેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે.

અમો સદ્ગતના પિતાશ્રી અમૃતલાલ શેઠ, તથા બંધુઓ શ્રી વૃજલાલભાઇ અને સવાઇલાલભાઇ તેમજ આપ્તવર્ગને દિલાસો આપી પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ અર્પે એમ પ્રાર્થીએ છીએ.

### શેઠ કીસનદાસ ભુખણદાસ

માલેગામનિવાસી બંધુ કીસનદાસ મુંબઇનું કાર્ય પતાવી મનમાડ સ્ટેશને ઉતરી માલેગામ આવવા માટે મોટરમાં બેઠા તે વખતે પોસ વદિ ૪ બુધના રોજ તેમનું અચાનક હાર્ટફેઇલ થયું. તેઓ માલેગામના અગ્રણી શહેરી અને મહારાષ્ટ્રના સારા કાર્યકર હતા. આ ઉપરાંત જૈન સમાજના અભ્યુત્થાન માટે સારી ધગશ ધરાવતા હતા. "એકતા" માટેનો તેમનો પ્રયાસ પ્રશંસનીય હતો. શત્રુંજયતીર્થ પરત્વે તેમની ભક્તિ અપૂર્વ હતી.

આપણી સભાના વર્ષોથી સભાસદ હતા. તેમના અચાનક સ્વર્ગવાસથી તેમના આપ્તજનો પર આવી પડેલી આપત્તિ પરત્વે અમે દિલસોજી દર્શાવીએ છીએ. પરમાત્મા તેમના આત્માને ચિરશાન્તિ અર્પે.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only